RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 210 Dt. 13-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# આવકવેરા કાયદામાં ધરમૂળથી ફેરફારો

## ૬૪ વર્ષ જૂના કાયદામાંથી મળશે મુક્તિ : નવા બિલમાં ૨૩ ચેપ્ટર, ૧૬ શિડ્યુલ અને આશરે ૫૩૬ કલમો હોવાની શક્યતા

## નાણામંત્રી નિર્મલા સીતારામન આજે સંસદમાં રજૂ કરશે ડ્રાફ્ટ બીલ : ૧લી એપ્રિલથી શરૂ થશે અમલવારી




નવીદિલ્હી, તા. ૧૨

નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે સંસદમાં નવું આવકવેરા બિલ રજૂ કરશે. આની જાહેરાત ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ તેમના બજેટ ૨૦૨૫ ભાષણમાં કરવામાં આવી હતી. નવું આવકવેરા બિલ ૨૦૨૫ વર્તમાન આવકવેરા અધિનિયમ ૧૯૬૧ને સરળ બનાવવા અને તેમાં સુધારો કરવાનો પ્રયાસ કરે છે, જેને સામાન્ય કરદાતાઓ માટે ઘણીવાર બોજારૂપ, જટિલ અને સમજવામાં મુશ્કેલ તરીકે વર્ણવવામાં આવે છે. નિષ્ણાતોને આશા છે કે નવા ડ્રાફ્ટ બિલથી આવકવેરા કાયદાનું કદ ઘટશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર નવા આવકવેરા બિલમાં ૨૩ ચેપ્ટર, ૧૬ શિડ્યુલ અને લગભગ ૫૩૬ કલમો હોવાની શક્યતા છે. ગુરુવારે સંસદમાં રજૂ કરવામાં આવનાર આ બિલ હવે 'ટેક્સ યર'ના નવા ખ્યાલને ૧ એપ્રિલથી શરૂ થતા ૧૨ મહિનાના સમયગાળા તરીકે વ્યાખ્યાચિત કરે છે. કોઈપણ વ્યવસાય અથવા નવા સ્થપાયેલા વ્યવસાયના કિસ્સામાં, કરવેરાનું વર્ષ આવા વ્યવસાય અથવા વ્યવસાયની સ્થાપનાની તારીખથી શરૂ થશે અને તે નાણાકીય વર્ષ સાથે સમાપ્ત થશે. બીજા શબ્દોમાં કહીએ તો, આવકવેરો આર્થિક પ્રવૃત્તિ અને 'કર વર્ષ'માં મળેલી આવકના આધારે વસૂલવામાં આવશે.

હાલમાં, આવકવેરામાં આકારણી વર્ષનો ખ્યાલ છે જે પાછલા નાણાકીય વર્ષમાં કમાયેલી આવક પર કર નક્કી કરે છે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ ૧, ૨૦૨૪ થી ૩૧ માર્ચ, ૨૦૨૫) માં મળેલી આવકનું મૂલ્યાંકન વર્ષ ૨૦૨૫-૨૬માં કરવામાં આવશે. નવા ઈન્કમટેક્સ બિલમાં વધુ સરળ ભાષા હોવાને કારણે કાયદાની લંબાઈ ૮૨૩ પેજથી ઘટાડીને ૬૨૨ પેજ કરવામાં આવી છે. નવા આવકવેરા બિલ, ૨૦૨૫ અને જૂના આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ બંનેમાં પ્રકરણોની સંખ્યા ૨૩ જેટલી જ રહે છે, તેમ છતાં વિભાગો ૨૯૮ થી વધીને ૫૩૬ થઈ ગયા છે અને સમયપત્રક વર્તમાન ૧૪ શિડ્યુલથી વધીને ૧૬ થઈ ગયા છે.

### કરદાતાઓ નવા આવકવેરા બિલમાંથી શું અપેક્ષા રાખી શકે?

૧. કર કાયદાને સરળ બનાવો, કાનૂની જટિલતાઓ ઓછી કરો અને પાલન સરળ બનાવો

૨. ટેક્સ કોડને સરળ અને વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ બનાવવા માટે સ્ટ્રીમ્સની સંખ્યામાં ૨૫-30% ઘટાડો કરો.

૩. અપડેટેડ ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઇલ કરવાની સમયમર્યાદામાં વધારોઃ

૪. કરચોરી વિરોધી પગલાંને મજબૂત બનાવવું

કરચોરી અટકાવવા માટે કડક પાલનની આવશ્યકતાઓ, દંડમાં વધારો અને અઘોષિત આવકને ટ્રેક કરવા માટે વધુ સારી પદ્ધતિઓ રજૂ કરી શકાય છે.

૫. ડિજિટલાઈઝેશન અને પારદર્શિતા

સર્ચની જોગવાઈઓમાં વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી કરીને તેને નાણાં, બુલિયન, જ્વેલરીની હાલની શ્રેણીઓ સાથે કોઈપણ અઘોષિત આવકના ભાગ તરીકે ગણી શકાય. વર્તમાન આવકવેરા કાયદામાં વિવિધ સ્પષ્ટતાઓ અને જોગવાઈઓને નવા આવકવેરા બિલમાંથી દૂર કરવામાં આવી છે. સર્વિસ કોન્ટ્રાક્ટ માટે આવકની માન્યતામાં નવી કલમો છે જેમાં કિંમતના નીચા ભાવે અથવા ચોખ્ખી વસૂલ કરી શકાય તેવી કિંમતે ઇન્વેન્ટરીનું મૂલ્યાંકન જરૂરી છે.નવા આવકવેરા બિલને શુક્રવારે કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. તેને આ અઠવાડિયે લોકસભામાં રજૂ કરવામાં આવશે, ત્યારબાદ તેને સંસદીય સમિતિને મોકલવામાં આવશે. કમિટી તેની ભલામણો આપશે, પછી તે પાછી આવશે અને સરકાર કેબિનેટ દ્વારા નક્કી કરશે કે શું આ સુધારાઓને સામેલ કરવામાં આવશે કે વધુ ઉમેરવાની જરૂર છે. આ પછી, બિલ સંસદમાં પાછું આવશે અને પછી સરકાર તેના રોલઆઉટની તારીખ નક્કી કરશે.

# બાંગ્લાદેશમાં હિંસા પાછળ શેખ હસીના જવાબદાર : UN

## સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં ગત વર્ષે વ્યાપક અશાંતિ દરમિયાન આશરે ૧,૪૦૦ લોકો માર્યા ગયા

નવીદિલ્હી, તા. ૧૨

બાંગ્લાદેશ સાત મહિનાથી વધુ સમયથી હિંસા અને રાજકીય ઉથલપાથલનો સામનો કરી રહ્યું છે. તાજેતરના વિકાસમાં, સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે શેખ હસીનાની સરકાર 'માનવતા વિરુદ્ધ અપરાધો' અને વિરોધ દરમિયાન મોટા પાયે હિંસા પાછળ છે. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં ગત વર્ષે વ્યાપક અશાંતિ દરમિયાન લગભગ ૧,૪૦૦ વિરોધીઓ માર્યા ગયા હતા. જેમાં હજારોની સંખ્યામાં જાનહાનિ થઈ હતી. આ પછી સ્થિતિ એટલી બગડી કે શેખ હસીનાને ઓગસ્ટ ૨૦૨૪માં દેશ છોડીને ભાગી જવું પડ્યું. હાલમાં બાંગ્લાદેશની વચગાળાની સરકાર શેખ હસીનાને ભારતમાંથી પ્રત્યાર્પણ કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારતે હજુ તેનો નિર્ણય લીધો નથી. યુનાઈટેડ નેશન્સે જણાવ્યું હતું કે ગયા વર્ષે દેખાવકારો પર વ્યવસ્થિત હુમલા થયા હતા. સેંકડો ન્યાયવિહીન હત્યાઓ થઈ. આ બધા પાછળ શેખ હસીનાની સરકારનો હાથ હતો.

એએફપીના અહેવાલને ટાંકીને બહાર આવેલા યુએનના આ તપાસ રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે અંદાજિત ૧૪૦૦ પ્રદર્શનકારીઓના મોત થયા છે. અહેવાલો અનુસાર, હિંસા અને અશાંતિ દરમિયાન હજારો લોકો ઘાયલ થયા છે. ગયા વર્ષે, બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં વિવાદાસ્પદ અનામત પ્રણાલીને નાબૂદ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી સંગઠનો જોડાયા હતા. બાદમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ઘણી હિંસા અને અશાંતિ થઈ હતી.



દેખાવકારોએ શેખ હસીનાને હટાવવાની માંગ કરતા તેમના નિવાસસ્થાન પર હુમલો કર્યો, ત્યારબાદ હસીનાને ત્યાંથી ભાગવાની ફરજ પડી. સંયુક્ત રાષ્ટ્રના આ રિપોર્ટ વચ્ચે એ જાણવું પણ જરૂરી છે કે બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં ગત સપ્તાહે પણ હિંસા ફાટી નીકળી હતી. ઢાકામાં શેખ હસીનાના પિતા અને બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબ-ઉર-રહેમાનના નિવાસસ્થાને ભારે આગચંપી અને તોડફોડ કરવામાં આવી હતી.

# પૂર્ણિમાના મહાકુંભમાં સંગમમાં બે કરોડ શ્રદ્ધાળુઓનું અમૃત સ્નાન

## ૧૨ ફેબ્રુઆરી સુધીમાં અમૃતસ્નાન કરનારની સંખ્યા ૪૬ કરોડને પાર

નવીદિલ્હી, તા. ૧૨

પૂર્ણિમાના મહાકુંભમાં સંગમ સ્નાન કરવા માટે ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. આ સ્નાન પછી કલ્પવાસી પાછા ફરવા લાગશે. સીએમ યોગી પોતે ભક્તોની સુરક્ષા પર નજર રાખી રહ્યા છે. સંત રવિદાસ જયંતિની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. યુપીમાં ગઈકાલે રજા હતી. યોગી સરકારે લગભગ ૧૦૦ વધુ ઈંઅજ અને ડઈજ અધિકારીઓને સંગમ મોકલ્યા છે. પૂનમના પાવન પ્રસંગે ૨ કરોડ લોકોએ સ્નાન કર્યું છે.

ગયા અઠવાડિયે, પ્રયાગરાજ શહેર અને તેની તરફ જતા અનેક રાજમાર્ગો વાહનોથી ભરચક હતા કારણ કે ભક્તો મહા કુંભ દરમિયાન પવિત્ર સ્નાન કરવા સંગમ તરફ જતા હતા. યુએસ ટેક્નોલોજી ફર્મ મેક્સરની સેટેલાઇટ તસવીરો ટ્રાફિક ભીડની હદ દર્શાવે છે. ૬ ફેબ્રુઆરીએ લીધેલી સેટેલાઇટ તસવીરોમાં પ્રયાગરાજના અનેક રસ્તાઓ કાર અને બસોથી જામ થયેલા દેખાઈ રહ્યા છે.

ગયા સપ્તાહના અંતે, શહેરમાં અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ઘણા કિલોમીટર સુધી ટ્રાફિક જામના કારણે હજારો લોકો તેમના વાહનોમાં ફસાયા હતા. અહેવાલો અનુસાર ઘણા લોકોને પીવાનું પાણી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ શોધવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. મહાકુંભના પોલીસ ડીઆઈજી વૈભવ ક્રિષ્નાએ ભક્તોની અચાનક ભીડને લોકોમાં એવી ધારણાને આભારી છે કે ત્રણ અમૃત ભોજન પછી ભીડ ઓછી થઈ જશે. એક નિવેદનમાં, પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે સપ્તાહના અંતે ભીડમાં અચાનક વધારો થવાથી મહાકુંભ માટે રાજ્ય સરકારની તૈયારીઓની કસોટી થઈ ગઈ છે, સત્તાવાર માહિતી અનુસાર, ઈવેન્ટ શરૂ થયાના માંડ એક મહિના પછી, ૧૧ ફેબ્રુઆરી સુધીમાં સંખ્યા ૪૪ કરોડને વટાવી ગઈ છે.

સેટેલાઇટ તસવીરો દર્શાવે છે કે કુંભ વિસ્તારમાં સંગમ કાંઠે ૨૯ જાન્યુઆરીએ બનાવેલી જગ્યા હવે દૂર કરવામાં આવી છે. ઘણા લોકોએ નાસભાગનું કારણ અખાડાના સભ્યો માટે બનાવેલી આ જગ્યાને ટાંકી હતી, જેમાં ઓછામાં ઓછા 30 લોકોના મોત થયા હતા.



# પરમાણુ ક્ષેત્રે ભારતની ફ્રાન્સ સાથે ભાગીદારી

## વડાપ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સંયુક્ત રીતે 'ઈન્ડિયા-ફ્રાન્સ યર ઓફ ઈનોવેશન ૨૦૨૬'નો સત્તાવાર લોગો લોન્ચ કર્યો

નવીદિલ્હી, તા. ૧૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને બુધવારે બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધો વધારવા આહવાન કર્યું હતું. આ દરમિયાન, બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક અને વિવિધ વૈશ્વિક મંચો અને પહેલોમાં તેમની જોડાણને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેમની વ્યાપક વાટાઘાટો બાદ, બંને નેતાઓએ વૈશ્વિક અઈ ક્ષેત્ર જાહેર હિતમાં ફાયદાકારક સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પરિણામો આપી શકે તેની ખાતરી કરવા માટે નક્કર પગલાં લેવાની તેમની પ્રતિબદ્ધતાને પણ રેખાંકિત કરી. હકીકતમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૧૦-૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ની ફ્રાન્સ મુલાકાત ઘણા મહત્વપૂર્ણ કરારો અને ભાગીદારી સાથે પૂર્ણ થઈ હતી. આ મુલાકાતે ભારત અને ફ્રાન્સ વચ્ચે ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), પરમાણુ ઉર્જા અને ઈનોવેશન જેવા ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવ્યો. ભારત અને ફ્રાન્સે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ક્ષેત્રમાં સંયુક્ત ઘોષણા પર હસ્તાક્ષર કર્યા. આ કરાર અઈ સંશોધન, નવીનતા અને ડેટા સુરક્ષાના ક્ષેત્રોમાં સહકારને પ્રોત્સાહન આપશે. બંને દેશો એઆઈનો નૈતિક અને જવાબદાર ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે નીતિ-નિર્માણમાં સહયોગ કરશે. વડાપ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સંયુક્ત રીતે 'ઈન્ડિયા-ફ્રાન્સ યર ઓફ ઈનોવેશન ૨૦૨૬'નો સત્તાવાર લોગો લોન્ચ કર્યો. આ પહેલ બંને દેશોના વૈજ્ઞાનિકો, સંશોધકો અને સ્ટાર્ટઅપ વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી છે.

બંને દેશોએ એડવાન્સ મોડ્યુલર રિએક્ટર અને સ્મોલ મોડ્યુલર રિએક્ટરના ક્ષેત્રમાં ભાગીદારી સ્થાપિત કરવાના ઉદ્દેશ્યની ઘોષણા પર હસ્તાક્ષર કર્યા. આ કરાર સ્વચ્છ અને ટકાઉ ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ભારતના પરમાણુ ઉર્જા વિભાગ અને ફ્રાન્સના પરમાણુ ઉર્જા અને વૈકલ્પિક ઉર્જા આયોગ વચ્ચે ''અમલીકરણ કરાર'' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત ભારતના ગ્લોબલ સેન્ટર ફોર ન્યુક્લિયર એનર્જી પાર્ટનરશિપ અને ફ્રાન્સની ઈન્સ્ટિટયૂટ ફોર ન્યુક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી વચ્ચે સંશોધન અને તાલીમને પ્રોત્સાહન આપવામાં આવશે.

PM મોદી સોમવારે ફ્રાન્સ પહોંચ્યા અને મેક્રોન સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક્શન સમિટની સહ-અધ્યક્ષતા પણ કરી. મોદીની ફ્રાન્સની આ છઠ્ઠી મુલાકાત છે અને જાન્યુઆરી ૨૦૨૪માં ભારતના ૭૫મા પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે મેક્રોનની ભારત મુલાકાતને અનુસરે છે. બંને નેતાઓએ અહીં ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર ફેસિલિટીની પણ મુલાકાત લીધી હતી. બંને નેતાઓએ ન્યાયી અને શાંતિપૂર્ણ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા જાળવવા, વૈશ્વિક પડકારોનો સામનો કરવા અને તકનીકી અને આર્થિક ક્ષેત્રો સહિત વિશ્વને ઉભરતા વિકાસ માટે તૈયાર કરવા સુધારેલા અને અસરકારક બહુપક્ષીયવાદ માટેના તેમના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો.

### વ્યાજકંદવાદ વધુ એક પરિવારના આશાસ્પદ દિકરાને છીનવી ગયોઃ ચિઠ્ઠીમાં લખ્યું-પુલીસ પે ટ્રસ્ટ હૈ, સબ ઠીક કર દેગી

# પાનમસાલાના ધંધાર્થી સાત કરોડના દેણામાં ફસાતાં જિંદગી સમાપ્ત

### જેની પાસેથી લેવાના હતાં તેણે ફસાવી દીધા, બીજા લોકો પાસેથી વ્યાજે લેતાં અજગર ભરડામાં આવી ગયોઃ સ્યુસાઇડ નોટ લખી લટકીને દુનિયા છોડી દીધીઃ વ્યાજખોરો સામે આપઘાતની દુષ્પ્રેણાનો ગુનો નોંધાયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૨**

રાજકોટઃ આજના અમુક યુવાનો ધંધો વધારવાના ચક્કરમાં કે પછી દેખાદેખીને કારણે કે બીજા કારણોસર સોડ હોય એવડી પછેડી તાણવાને બદલે પગ લાંબા કરી નાખે છે અને પછી જાણતા અજાણતા વ્યાજખોરીમાં ફસાઇ જાય છે. વ્યાજખોરીના અનેક કિસ્સાઓ સામે આવતાં હોય છે. પરંતુ ઘણીવાર આવા બનાવમાં વ્યાજે નાણા લેનારાની ભુલ પણ કારણભુત હોવાનું ખુલતું હોય છે. વ્યાજંકવાદમાં ફસાવેલા પાન મસાલાના ધંધાર્થી યુવાને ચિઠ્ઠી લખી આપઘાત કરી લેતાં વ્યાજખોરો સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે. અધધધ સાત કરોડના દેણામાં આ યુવાન ફસાઇ ગયો હતો. આ યુવાનને પણ બીજા પાસેથી સાતેક કરોડ લેવાના હતાં. પણ એ લોકોએ નાણા ન આપતાં પોતે બીજા પાસેથી લીધા હતાં અને ફસાયો હતો. આજના સમયમાં દરેક લોકોને પૈસાદાર બનવું છે. આ માટે તેનો પોતે જે કામધંધો કરતાં હોય કે નોકરી કરતાં હોય તે સિવાયના રસ્તાઓ પણ આર્થિક ઉપાર્જન માટે અજમાવતાં હોય છે. પરંતુ આવા




રસ્તા ઘણીવાર બરબાદી તરફ લઇ જતાં હોય છે. વધુ એક ચોંકાવનારા કિસ્સામાં યુવાન વ્યાજખોરીમાં ફસાતાં અને સાત કરોડનું દેણું થઇ જતાં મોતનો રસ્તો પકડવા મજબૂર થવું પડ્યું હતું. ઇસનપુરમાં રહેતા યુવકને સાત કરોડ રૂપિયાનુ નુકશાન થતા વ્યાજખોરીના રવાડે ચઢ્યો અને અંતે પોતાનું જીવન ટૂંકાવી લીધુ છે. યુવકે આત્મહત્યા કરતા પહેલા સુસાઈડ નોટ લખી છે, જેમાં અમદાવાદ પોલીસ પાસે મદદ માંગી છે.

આ કિસ્સામાં ઇસનપુર વિસ્તારમાં આવેલા શાકુંતલ એપાર્ટમેન્ટમાં રહેતા બાંસઠ વર્ષિય દેવેન્દ્ર જૈને ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ચિત્રાંગ શાહ, પીલક શાહ, કૃણાલ બારેજા, કીશોર, ભાવેશ ભાવડા, હીરેન મકવાણા વિરૂદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. દેવેન્દ્ર જૈન મણીનગર ખાતે આવેલા ગોપાલ ટાવરની સામે પાન-મસાલાની દુકાન ધરાવીને ધંધો કરે છે. દેવેન્દ્ર જૈન પત્નિ સુનિતાબેન, દીકરા આયુશ સાથે રહે છે. દેવેન્દ્ર જૈનનો મોટો દીકરો સાકેત પુત્રવધુ આયુશી સાથે હરીયાણા ખાતે રહે છે. આયુશ પણ પોતાના પિતા સાથે પાન-મસાલાની દુકાન પર બેસતો હતો. ચોથી ફેબ્રુઆરીના રોજ દેવેન્દ્ર જૈન દુકાન બંધ કરીને આયુશ સાથે ઘરે આવ્યા હતા. બન્ને જણા જમી કરીને સૂઇ ગયા હતા, ત્યારે આયુશે પોતાનું જીવન ટૂંકાવી લીધુ હતું.વહેલી સવારે દેવેન્દ્ર જૈન ઉઠીને બેઠક રૂમમાં આવ્યા તો તેમના પગ નીચેથી જમીન સરકી જાય તેવા દશ્યો જોયા હતા. બેઠક રૂમમાં આયુશે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઇ લીધો હતો. આયુશને લટકતો જોઇને દેવેન્દ્ર જૈને બુમાબુમ કરી દીધી હતી, જેના કારણે પત્ની સુનિતાબેન અને આસપાસના લોકો દોડી આવ્યા હતા. આયુશને નીચે ઉતાર્યો હતો અને સ્થાનિકોએ પોલીસને જાણ કરી દીધી હતી. પોલીસ આવતાની સાથેજ આયુશની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપી હતી. પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન દેવેન્દ્ર જૈનના મકાનમાંથી એક સુસાઈડ નોટ મળી હતી. જેમાં સાત કરોડ રૂપિયાનું દેવુ થઇ જતા આયુશે આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આયુશને ધંધામાં આર્થીક નુકશાન થતા તેણે પોતાનુ જીવન ટૂંકાવ્યુ છે. આયુશ અને તેના પિતરાઇ ભાઇ મનીષને ચિત્રાગ શાહ અને પીલક શાહ પાસેથી સાત કરોડ રૂપિયા ધંધાના લેવાના નીકળતા હતા. બન્ને લોકોએ સાત કરોડ રૂપિયા નહીં આપતા આયુશ આર્થિક રીતે તૂટી ગયો હતો અને તેણે કૃણાલ બારેજા, કિશોર, ભાવેશ ભાવડા અને હીરેન પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. આયુશે વ્યાજે લીધેલા રૂપિયા પરત આપી શક્યો નહીં, જેના કારણે તેણે આપઘાત કર્યો છે. વ્યાજખોર આયુશ પાસેથી પઠાણી ઉઘરાણી કરી રહ્યા હતાં, જેને લઇને તેણે આ પગલુ ભર્યુ છે. પોલીસે દેવેન્દ્ર જૈનની ફરિયાદના આધારે ચિત્રાંગ શાહ, પીલક શાહ, કૃણાલ બારેજા, કીશોર, ભાવેશ ભાવડા, હીરેન મકવાણા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધીને તપાસ આરંભી છે. બીજી તરફ આપઘાત કરનાર આયુષની કાર પણ ભેદી રીતે ગૂમ છે.આપઘાત પુર્વે આયુશે સુસાઈડ નોટમાં લખ્યુ છે કે, સોરી પાપા, મમ્મી, ભાઇ, ભાભી ઓર મેરી પુરી ફેમીલીકો, મુજે માલુમ હે મેને યે ગલત કીયા હૈ પર મેરે પાસે ઓર કોઇ ઓપશન નહીં થા. મેને બીઝનેસમાં બહોત લોસ કર ચુકા થા, ઓર ઇસકે અલાવા ઓર કોઇ ઓપશન નહીં થા. ચિકુ પાપા-મમ્મી કો તેરે સાથ લે જાના. ઓર યે આપ સબ કો બોલ દેના પૈસા નહીં હૈ, અગર હોતા તો યે નહીં કરતા. બેંક લોન કે લીયે મનીષભૈયા કો બોલકે લોયર કર લેના, વો સબ સોલ કરવા દેંગે. લોન નહીં કર પા રહા ઇસલીયે યે સબ કીયા, મેરે નામસે કોઇ પૈસે લેને આયે તો મત દેને. વ્યાજવાલે સે તંગ આકર યે સબ હુઆ હૈ. કીસીકો દેને કે લીયે પેસે નહીં થે મેરે પાસે તો અમદાવાદ પોલીસ પ્લીઝ મેરી ફેમેલી કો સપોર્ટ કરના. કોઇ પરેશાન ના કરે ઇસકા ધ્યાન રખના. ચિત્રાંગ શાહ, પીલક શાહ, હર્ષા એન્જિનિયરીંગને મેરે ભાઈકે સાત કરોડ રૂપિયા ખાયે હૈ, વાપીસ દીલાના યે ઉનકી વજહ સે હુઆ હૈ, મનીષ ભૈયા આપ પ્લીઝ સ્ટ્રોંગ રહના. અમદાવાદ પોલીસ પે મુજે ટ્રસ્ટ હૈ, વો સબ ઠીક કરેગી. કૃણાલ બારેજા, કીશોર ઓર બાકી સબ વ્યાપારી મુજે પરેશાન કરતે થે ઇસલીયે મુજે યે કરના પડા, ઓર વ્યાજવાલે મે ભાવેશ ઓર હીરેન પરેશાન કરતે થે. આમ વ્યાજખોરી વધુ એક પરિવારના આશાસ્પદ દિકરાનો જીવ લઇ ગઇ છે.

# સોની બજારમાં વેરા વસુલાત વિભાગ ત્રાટક્યુ

### વેરો ન ભરનાર ૨૨ મિલકતો સીલ : ૬૧ લાખથી વધુની, કુલ રિકવરી ૩૫૭ કરોડને પાર

રાજકોટ, તા. ૧૨

ગત વર્ષના બજેટમાં જે કર આવકનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો તેને પહોંચી વળવા માટે હાલ મહાનગરપાલિકાના વેરાવસુલાત વિભાગ દ્વારા તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં માર્ચ એન્ડિંગ નજીક હોવાના કારણે પણ હાલ અન્ય વિભાગોને સાથે રાખીને વિભાગ દ્વારા જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ગઈકાલે મહાનગરપાલિકાની વિભાગ દ્વારા ૨૨ મિલકતો ને સીલ કરવામાં આવી જેમાંથી એક મિલકતનું નળ કનેક્શન કાપવાની વાત આવતા જ રિકવરી થઈ હતી અને કુલ ગઈકાલે ૬૧.૨૬ લાખ રૂપિયાની વસૂલાત થઈ.



બીજી તરફ આજ દિન સુધીમાં વેરા વસુલાત વિભાગે કુલ ૩૫૭.૯૩ કરોડ રૂપિયાની રિકવરી કરી છે ત્યારે વિભાગને આશા છે કે આગામી દિવસોમાં જે ટાર્ગેટ છે તેની નજીક પહોંચી શકાશે. કારણ કે હજુ વેરા વસુલાત વિભાગ પાસે પોસ્ટ ચેક પણ પડેલા છે જેને સમયાંતરે જમા કરવામાં આવે છે પરંતુ વેરાવસુલાત વિભાગનું માનવું છે કે, જ્યારે પ્રજામાં જ એ વાતનો ડર હશે અને જવાબદારી ફિક્સ થશે ત્યારે જ વેરા વસૂલાત વિભાગની કામગીરીમાં ઘટાડવા આવશે અને તે સમયે કોઈ પણ પ્રકાર ની વસૂલાત કરવામાં નહીં આવે નહીં કે ઉઘરાણી કરવામાં આવે હાલ સૌથી મોટું ચેલેન્જ અને જો પ્રશ્ન હોય તો તે છે કે રાજકોટના મિલકત ધારકો ને જ્યારે અને જ્યાં સુધી ધોકો પછાડવામાં ન આવે ત્યાં સુધી તેઓ તેમનો કર ચૂકવતા નથી.

બીજા શહેરો અને જો રાજ્યની વાત કરવામાં આવે તો પોતાની જવાબદારી સમજીને જે મિલકત ધારકો છે તે તેમનો વેરો ચૂકવે છે સામે એ વાત પણ છે કે જે શરૂઆતથી જ વેરા વસુલાત વિભાગે કડકાઈ દેખાડવી જોઈએ તે દેખાડવામાં ક્યાંકને ક્યાંક વિભાગો ઉતર્યું છે અને તેના પરિણામ સ્વરૂપે જ છેલ્લા દિવસો સુધી રિકવરી કરવામાં આવે છે. તો બીજી તરફ વિભાગનું માનવું છે કે જે રીતે તેઓને પૂરતો સ્ટાફ મળવો જોઈએ તે પણ મળ્યો નથી અને પરિણામ સ્વરૂપે કામગીરીમાં ઘણી ઢીલાશ જોવા મળે છે. આ વખતે ૪૧૦ કરોડના લખ્યાં અને પહોંચી વળવા વેરાવળ વિભાગ દ્વારા સામ-દામ દંડ ભેદ તમામ મુદ્દાઓ અપનાવવામાં આવી રહ્યા છે અને તે મુજબ જ હાલ કામગીરીઓ હાથ ધરાય છે. હવે પ્રશ્ન એ છે કે વેરા વસુલાત વિભાગ દ્વારા અત્યારે જે કામગીરી કરવામાં આવી રહી છે તેમાં જે મોટા બાકીદારો હોય તેમની પાસે હવે ઉઘરાણી કરવાની ખૂબ જ ઓછી છે ત્યારે નાના બાકીદારો ને હવે પકડવામાં આવી રહ્યા છે અને તેમની પાસેથી તેમનો બાકી વેરો વસૂલવામાં આવે છે.

મહાનગરપાલિકાના તજજ્ઞોના જણાવ્યા અનુસાર આ અંગે કોઈ નક્કર પગલા લેવામાં આવે તે ખૂબ જરૂરી છે કારણ કે જ્યાં સુધી યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે ત્યાં સુધી ઘણા ખરા પ્રશ્નો ઉભા થશે અને કામગીરીને પણ અસર પહોંચશે જે માટે ખરા અર્થમાં રાજકોટ મહાનગરપાલિકાએ વેરાવ વસ્તુલાલ વિભાગ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી અને આવશ્યક છે.

# બાલાજી થાળ, સ્વામી'સ રેસ્ટોરન્ટ પર ફૂડ વિભાગ ત્રાટક્યું

### દહીં, નુડલ્સ, વાસી બ્રેડ, સોસ સહિત ૧૭ કિલો અખાદ્ય ચીજ વસ્તુઓનો કરાયો નાશ

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ૪-નિલકમલ પાર્ક, સનસીટીની સામે, સાધુવાસવાણી રોડ, રાજકોટ મુકામે આવેલ ''સ્વામી'સ રેસ્ટોરેન્ટ એન્ડ કેટરર્સ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ ૦૮ કિ.ગ્રા. દહીં તથા ૦૪ કિ.ગ્રા. નુડલ્સ, ચટણી વગેરે પ્રિપેર્ડ ફૂડ મળીને કુલ ૧૨ કિ.ગ્રા. વાસી અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ કરવા બાબતે નોટીસ આપવામાં આવેલ. તેમજ સ્થળ પરથી ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ ''મૈસૂર ઢોસાનો મસાલો (પ્રિપેર્ડ-લુઝ)'' નમૂનો લેવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન મહાજનવાડી બિલ્ડીંગ, યુનિવર્સિટી રોડ, રાજકોટ મુકામે આવેલ ''અંશ દોશી ફાસ્ટફૂડ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી બ્રેડ તથા એક્સપાયરી થયેલ સોસ વગેરે મળીને કુલ ૦૫ કિ.ગ્રા. વાસી અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ કરવા બાબતે નોટીસ આપવામાં આવેલ.



સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વેસ્ટ ગેટ, 1st ફ્લોર, રૈયા ચોક, રાજકોટ મુકામે આવેલ ''બાલાજી થાળ'' પેઢીની તપાસ કરતા હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ. ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના પેડક રોડ થી પુનિતનગર- વાવડી, ૮૦ ફૂટ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૬ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

#### ૧૬ પેઢીએ નથી લીધું લાઈસન્સ

સ્વાદિષ્ટ દાળ-પકવાન, રામ ડેરી ફાર્મ , વિસોતમા સોડા શોપ, બજરંગ કોલ્ડ્રિંક્સ, ક્રિષ્ના ચાઈનીઝ પંજાબી ,જે ભગવાન ભૂંગરા બટેટા, જય માતાજી છોલે ભટુરે, શ્રીજી એજન્સી , રૂપલ ફરસાણ, દેવ પાણીપુરી, ભાગ્યલક્ષ્મી ફરસાણ , શ્રી રાધે પાઉંભાજી ફાસ્ટફૂડ, બાલાજી ફૂડ ઝોન, નિમ્બુ સોડા શોપ, મધુરમ પ્રોવિઝન સ્ટોર, મહાકાળી પાણીપુરી

#### ૨૪ પેઢીની કરવામાં આવી ચકાસણી

આરોગ્ય વિભાગ દ્વારા જય સીયારામ ઘૂઘરા, પટેલ વિજય ડેરી ફાર્મ, ન્યુ ભારત સ્વીટ, શ્રીનાથજી ફરસાણ, જલારામ સ્વીટ, જય ભેરુનાથ નમકીન, મારાજ ગાંઠિયાવાળા, લકઝરી કોલ્ડ્રિંક્સ, ડાયમંડ શીંગ , વિજય સ્વીટ માર્ટ, મયુર ભજીયા, રાધેશ્યામ ડેરી ફાર્મ, શિવશક્તિ ઇન્દૌરી પોવા, સતસાહેબજી દાળપકવાન, ચિલ્ડ હાઉસ, દેવમ ખમણ, બ્રહ્માણી ડેરી ફાર્મ, દ્વારકેશ ડેરી ફાર્મ, શિવ મેડીકેર, મહાવીર કોલ્ડ્રિંક્સ, આશાપુરા ફરસાણ, શિવશક્તિ સુપર સ્ટોર, પટેલ પ્રોવિઝન સ્ટોર, ધ સોડા પફની ચકાસણી કરવામાં આવેલ.

### કરોડો રૂપિયાની ફોરવ્હીલરની ચોરીઓમાં સંડોવણીઃ ત્રિપૂટીને પોલીસે દબોચી લીધી

# તબીબ સહિતનાઓએ દોઢસો કાર ચોરી ભંગારમાં વેંચી મારી

### પોલીસે જે બે સગા ભાઇને ગુનામાં પકડ્યા તેમાં એક ડોક્ટર રાજકોટ બેડીપરાનો ભંગારનો ધંધાર્થી તાહેર ત્રિવેદી ચોરાઉ કારને સ્ક્રેપ કરતો હતો

રાજકોટઃ પોલીસ સમયાંતરે અલગ અલગ પ્રકારની ચોરીઓમાં ગુનેગારોને પકડી લેતી હોય છે. જેમાં ઘણા તો રીઢા અને છાપેલા કાટલા જેવા ગુનેગારો હોય છે જેનો ધંધો જ ચોરીઓ કરવાનો, પકડાઇ જવાનો, જેલમાં જવાનો, છુટીને ફરી ચોરીઓ કરવાનો હોય છે. પરંતુ ચોરીઓના ગુનામાં કોઇ ડોક્ટર પણ સામેલ થાય એવું સાંભળીએ કે વાંચીએ તો ચોક્કસપણે આશ્ચર્ય થાય. પણ આ ઘટનાને સાચી ઠેરવતું ડિટેક્શન પોલીસે કર્યુ છે. જેમાં બે પાંચ નહિ પણ અધધધ દોઢસો જેટલી ઈકો સહિતની કાર ચોરીને ભંગાર કરીને વેંચી મારવાના કારસ્તામાં પોલીસે ત્રણને દબોચ્યા છે, જેમાં એક ડોક્ટર પણ સામેલ છે. એક રાજકોટ બેડીપરાનો શખ્સ પણ સામેલ છે.

રાજ્યભરમાં ચકચાર જગાવનારી પોલીસની આ કામગીરી વિગતો જોઇએ તો અમદાવાદ અને વડોદરામાં એક બે નહી પરંતુ ૧૪૯ ઈકો કારની ચોરીઓ કરી તેને સ્કેપવાળાને વેંચી દઈ કરોડો રૂપિયાના કૌભાંડમાં પુનાની તબીબ સહિત ત્રણ આરોપીઓને શહેર કાઈમ બાન્ચની ટીમે ઝડપી પાડયા છે. પ્રાથમિક તપાસમાં આ ત્રિપુટીએ વડોદરામાં ત્રણ સ્થળે કારની ચોરી કરી હોવાની વિગતો મળતાં પોલીસે તેઓની પાસેથી ચોરી કરેલી બે કાર કબજે કરી તેઓને કારેલીબાગ પોલીસને હવાલે કર્યા હતાં. વડોદરા શહેરમાં ફોરબીલ ચોરીના વધેલા ગુનાના પગલે શહેર કાઈમ બાન્ચે કાર ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપીઓની તપાસ કરી તેઓની પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન શહેરમાં કારચોરીના ગુનામાં રીઢો આરોપી પચાસ વર્ષીય હરેશ દુલાભાઈ માણિયા (સહજાનંદ રેસીડન્સી, બાવળા, અમદાવાદ)ની પણ શંકાના દાયરામાં આવતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી.



આ દરમિયાન પોલીસને વડોદરા ક્રાઇ બ્રાન્ચને માહિતી મળી હતી કે, હરેશ માણિયા શહેરના સમા તલાવડી રોડ ખાતે સફેદ રંગની મારૂતિ ઈકો કાર લઈને આવવાનો છે, જેથી પોલીસે ઉક્ત સ્થળે વોચ ગોઠવી હતી અને નંબર મુજબની ઈકો કાર આવતા જ પોલીસે કારને કોર્ડન કરીને આંતરી હતી અને કારચાલક હરેશને ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસે ઈકો કારના કાગળોની માગણી કરી હતી પરંતુ તેની પાસે કાગળો ન હોઈ પોલીસે તેની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી તેની પાસેથી રોકડા ૨૫ હજાર અને એક મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. હરેશ સામે અમદાવાદ સહિત અન્ય સ્થળોએ કાર ચોરીના ૧૪૯ જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાની વિગતો મળતા પોલીસ ચોંકી ઉઠી હતી.

પોલીસે તેની કડકાઈથી પુછપરછ કરતાં તેણે કબુલાત કરી હતી કે તેણે તેના સગા ભાઈ સાથે અરવિંદ દુલાભાઈ માણિયા (નવજીનપાર્ક, ભાવળા અમદાવાદ) સાથે મળીને અત્યાર સુધી વડોદરામાં સુરસાગર તળાવ પાસેથી બે ઈકો કારની તેમજ ગત ડિસેમ્બર માસમાં કારેલીબાગના આનંદનગર ગરબા ગ્રાઉન્ડ પાસેથી સફેદ રંગની એક ઈકો કારની ચોરી કરી હતી. આ પૈકીની કારેલીબાગ અને સુરસાગર કિનારેથી ચોરી કરેલી બે ઈકો કાર તેઓએ રાજકોટમાં સ્કેપનો વેપાર કરતાં તાહેર અનવર ત્રિવેદી (સમ્સ બિલ્ડીંગ, બુરહાનીપાર્ક, બેડીપરા, રાજકોટ)ને વેચી દીધી હોઈ તેણે સ્કેપના ગોડાઉનમાં કટીંગ કરી નાખી હતી. જયારે સુરસાગર કિનારેથી ચોરી કરેલી એક ઈકો કાર હરેશે સમા કેનાલ રોડ પર પાર્ક કરીને છુપાવી હતી. આ ચોરીની ઈકો કારને પણ તાહેરને સ્ક્રેપમાં આપી દેવાની હોઈ તેઓ ત્રણેય જણા કારમાં આવ્યા છે તેમજ અરવિંદ અને તાહેર થોડે દુર તેની રાહ જોઈ રહ્યા છે. આ વિગતોના પગલે પોલીસે તપાસ કરી નજીકના વિસ્તારમાં બ્રેઝા કારમાં હરેશની રાહ જોઈ રહેલા અરવિંદ માણિયા અને તાહેર ત્રિવેદીને પણ ઝડપી પાડયા હતા. પોલીસે ત્રણેયની અટકાયત કરી પુછપરછ કરી હતી. જેમાં એવી ચોકાવનારી વિગતો મળી હતી કે હરેશ અને અરવિંદ માણિયા રીઢા વાહનચોર છે અને તેઓની વિરુધ્ધ અમદાવાદ અને વડોદરામાં કાર ચોરીના ૧૪૯ ગુના નોંધાયેલા છે તેમજ ૧૪૦ જેટલા ગુનામાં તેની ધરપકડ પણ થઈ છે. આ કબુલાતના પગલે બંને વાહનચોર ભાઈઓની વડોદરાના વધુ ત્રણ ઈકો કાર ચોરીના ગુનાઓ સહિત હવે ૧૪૯ કાર ચોરીના સંડોવણી સપાટી પર આવી છે. ત્રણય આરોપીઓ પૈકી મુખ્ય સુત્રધાર હરેશ માણિયા બેચલર ઓફ ઈસ્ટર્ન મેડિકલ એન્ડ સર્જરી (બીઈએમએસ)નો યુનાની તબબનો કોર્સ કર્યો હોઈ તે અગાઉ તબીબ તરીકે પ્રેકટીસ કરતો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે તબીબ હરેશ માણિયા તેના સગા ભાઈ અરવિંદ અને સ્ક્રેપના વેપારી તાહેર ત્રિવેદી પાસેથી સુરસાગર પાસેથી ચોરી કરેલી એક ઈકો કાર તેમજ ચોરીની કારને લઈ જવા માટે ઉપયોગમાં લીધેલી બ્રેઝા કાર, ત્રણ મોબાઈલ ફોન અને રોકડા ૨૫ હજાર સહિત કુલ સાત લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### બે વર્ષ પહેલા જેની સાથે દોસ્તી થઇ એ લેભાગુએ પછી પ્રેમજાળમાં ફસાવી, આર્થિક શોષણ પણ કર્યુ

# સગીરાને દારૂ પાઇ સામુહિક દૂષ્કર્મ: પ્રેમી જ બન્યો શૈતાન

## પહેલા પોતે બળાત્કાર ગુજાર્યો, વિડીયો બનાવી બ્લેકમેઇલ કરી પોતાના મિત્રો સાથે સુવા પણ સગીરાને મજબૂર કરી: ચંડાળચોકડીને શોધતી પોલીસ

રાજકોટ: સગીરાઓ, છાત્રાઓને ફસાવીને દૂષ્કર્મ આચરવાની ચોંકાવનારી ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આવો વધુ એક ચકચાર જગાવતો અને આંખ ઉઘાડતો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક પંદર વર્ષની સગીર પ્રેમિકાને પ્રેમીએ દારૂ પીવડાવી દૂષ્કર્મ આચરી લીધુ છે. એટલુ જ નહિ અંગત પળોનો વિડીયો બનાવી બ્લેકમેઇલ કરી સગીરા પાસેથી રોકડ પણ પડાવી હતી. એટલુ જ નહિ કહેવાતા હવસખોર પ્રેમીએ આ સગીર પ્રેમિકાને પોતાના ચાર મિત્રોને પણ સોંપી હતી અને આ બધાએ પણ સામુહિક દૂષ્કર્મ આચરી લીધુ હતું

ચોંકાવનારી આ ઘટના ખાડિયા વિસ્તારમાં બની છે. અહિ કહેવાતા પ્રેમીએ તેની સગીર પ્રેમિકાને દારૂ પીવડાવીને દુષ્કર્મ આચર્યું હતું. તેની સાથેની અંગતપળોનો વીડિયો બનાવી લીધો હતો. અન્ય યુવકો સાથે મિત્રતા રાખવા દબાણ કર્યું હતું. જે બાદ બે યુવકોએ વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરીને સગીરા પાસેથી નેવુ હજાર પડાવી લીધા હતા. સગીરાને ચાર યુવકોએ ત્રણ દિવસ સુધી દારૂ પીવડાવી નશામાં રાખીને એક યુવકે લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે સગીરાના પિતાએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં ચાર યુવકો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ ઘટનામાં પોલીસે જાહેર કરેલી વધુ માહિતી અનુસાર અમરાઇવાડી વિસ્તારમાં પંદર વર્ષીય સગીરા તેના પરિવાર સાથે રહે છે અને અભ્યાસ કરે છે. બીજી ફેબ્રુઆરીના રોજ સગીરા સાંજના સમયે તેના પિતાને હું મારી બહેનપણી જે ગુજરાત યુનિવર્સિટી ખાતે પીજીમાં રહે છે તેને મળવા જાઉ છું કહીને નીકળી હતી.





બાદમાં રાત્રે પિતાએ ફોન કરતા તેની બહેનપણી સાથે વાત કરાવી હતી. જે બાદ મોડી રાત સુધી તે ઘરે ન આવતા તેનો ફોન બંધ આવતો હતો. જેથી બહેનપણીને ફેન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો. ચાર દિવસ બાદ એટલે કે આઠ ફેબ્રુઆરીએ સગીરાને એક યુવક અને યુવતી એક્ટિવા પર ઘરે મૂકવા આવ્યા હતા. તે સમયે સગીરા નશાની હાલતમાં હતી. જેથી પિતાએ પૂછપરછ કરતા કોઇ જવાબ આપ્યો ન હતો. પરિવારજનોએ બીજા દિવસે યુવતીને પૂછતા તેણીએ જે વિગતો જણાવી હતી તે જાણી સૌ કોઇ ચોંકી ગયા હતાં.

ભોગ બનનાર સગીરાએ કહ્યું હતું કે બે મહિના પહેલા તેનો સંપર્ક ગીતામંદિરમાં રહેતા યુવક સાથે થયો હતો. બાદમાં બંને વચ્ચે મિત્રતા થઇ હતી. બાદમાં કાંકરિયા કાર્નિવલ જોવા બંને ગયા હતા, ત્યાંથી યુવક તેના મિત્રના ઘરે સગીરાને લઇને ગયો હતો.

ત્યાર બાદ લાલચ આપીને ફેફીપીણુ પીવડાવીને દુષ્કર્મ આચર્યું હતું. જેમાં અંગતપળોનો વીડિયો પણ ઉતારી લીધો હતો. યુવકે સરસપુરના યુવક સાથે વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી સગીરાની મિત્રતા કરાવી હતી. બાદમાં બંનેએ સગીરાને બ્લેકમેલ કરીને નેવુ હજાર પડાવી લીધા હતા.

સગીરા બહેનપણીને મળ્યા બાદ તેઓ અન્ય મિત્રો સાથે ગાર્ડનમાં ગયા હતા. જે બાદ તેની બહેનપણી જતી રહી હતી.

બાદમાં ચાર યુવકો સાથે સગીરા હતી. ત્યાર બાદ યુવકોએ તેને વીડિયો વાઇરલ કરવાની ધમકી આપીને રાયપુરમાં એક મિત્રના ઘરે ત્રણ દિવસ સુધી દારૂ પીવડાવી નશામાં રાખીને એક યુવકે લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હતું.

બાદમાં સગીરાને બે લોકો તેના ઘરે નશાની હાલતમાં મૂકી ગયા હતા. આ અંગે પિતાએ ચારેય યુવકો સામે અમરાઇવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા ત્યાંથી ઝીરો નંબરના આધારે ખાડિયા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બીજી એક ઘટનાં વલસાડ શહેરમાં સામે આવી છે, જ્યાં ચૌદ વર્ષની સગીરા સાથે છેડતીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સગીરા પોતાના ઘરની નજીક રહેતા એક આધેડના ઘરે કામ અર્થે ગઈ હતી.

આ દરમિયાન આરોપી આધેડે સગીરાને પોતાની નજીક બોલાવીને મોબાઈલમાં અશ્લીલ વીડિયો બતાવ્યો હતો. એટલું જ નહીં, આરોપીએ સગીરાને કહ્યું કે આપણે પણ આવું કરીશું. આ વાત સાંભળીને સગીરા ગભરાઈ ગઈ અને ત્યાંથી ભાગી છૂટી હતી.

ઘરે પહોંચ્યા બાદ સગીરાએ હિંમત એકઠી કરીને તેની માતાને સમગ્ર ઘટના વિશે જાણ કરી. આ ગંભીર બાબતની જાણ થતાં જ પરિવારજનોએ તાત્કાલિક વલસાડ સીટી પોલીસનો સંપર્ક કર્યો.

પરિવારે આધેડ વિરૂધ્ધ પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતાં આરોપી આધેડની ધરપકડ કરી લીધી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

આ પ્રકારની ઘટનાઓ સમાજ માટે ચિંતાજનક છે અને બાળકોની સુરક્ષા માટે સતર્કતા વધારવાની જરૂરિયાત દર્શાવે છે. પોલીસે જણાવ્યું કે આવા ગુનાઓમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# શિક્ષક ખુદ પાઠ ભણ્યા

## ધવલ જેવા ને જાહેરમાં લટકાવવા જોઈએ: સાવધ રહેજો



રાજકોટમાં વધુ એક ગ્રાન્ટેડ કોલેજ બંધ થઈ રહી છે. આ વિવાદ હાલ ચાલે છે. શિક્ષણ સુવિધા વધવી જોઈએ. પરંતુ શિક્ષણ ક્ષેત્રે ધંધાદારીઓ માટે જ વિકાસતું હોય તેવી સ્થિતિ બની રહી છે.

શિક્ષણ ક્ષેત્રે ફેલાયેલી બદીઓ દૂર કરવામાં કોઈને રસ નથી. કુવૃતિ ધરાવતા તત્વો આ ક્ષેત્રે બેફામ બની રહ્યા છે. રાક્ષસીવૃતિ હદ વટાવી રહી છે. અમુક લેવલ વગરના શિક્ષિકો છાત્રાઓને ફસાવીને દુષ્કર્મ સુધીના ગુનાઓ કરવા લાગ્યા છે. શાળાઓ-ખાનગી ક્લાસીસમાં આવી ઘટનાઓ વધવા લાગી છે. આદૂષણ સામે સમાજના દરેક વર્ગે જાગૃત થવું પડશે.

ધવલ ત્રિવેદી નામનો લંપટ શિક્ષક તો દુષ્કર્મમાં શીરોમણી જેવો નીકળ્યો હતો. થોડી ટેલેન્ટ, થોડી ઓળખાણના આ કારણે શિક્ષક પોતાને મહાન માનીને બેફામ બની ગયો હતો. અનેક છાત્રા ઓના જીવન તેમણે બરબાદ કર્યા હતા. આવા રાક્ષસી ગુરુને અદાલતે બરાબર નો પાઠ ભણાવ્યો હતો. આજીવન કેદની સજા ફટકારી હતી.

કોચિંગ ક્લાસ ચલાવતા ધવલે ૯ યુવતીઓને ફસાવી હતી. જુદા - જુદા વિસ્તારોમાં કોચિંગ સેન્ટર શરૂ કરીને વેદછટાના આધારે છાત્રાઓને પ્રભાવિત કરતો ધવલ પોતે જ્યોતિષ શાસ્ત્ર જાણતો હોવાનું પણ ગતકડુ ચલાવતો હતો.

ટેલેન્ટથી લોકો અંજાઈ જતા હોય છે. ધવલ અંગ્રેજી,હિન્દી, ગુજરાતી સહિત ૧૧ ભાષાઓ જાણતો હતો. આ કારણે શાળાઓમાં પણ ગોઠવાઈ જતો. લોકોને તથા છાત્રાઓને પ્રભાવિત કરીને તેને લઈને ભાગી જતો હતો. ગમે તે કારણ હોય, પણ આવા કાંડ માંથી તે છટકી જતો હતો. નામ બદલીને અન્ય શહેરો -રાજ્યમાં ખેલ નાખતો.

ધવલના કાંડની તપાસ દરમિયાન હાઈકોર્ટના આદેશથી ઈઈઈ તપાસ થઈ હતી. ધવલ આજીવન ' અંદર'નો આદેશ આવી ગયો છે. જો કે આવા રાક્ષસોને તો જાહેરમાં લટકાવી દેવા જરૂરી હોય છે.

ચાણક્ય નીતિ પ્રમાણે ગુન્હાની સજા આકરી અને જાહેરમાં હોવી જોઈએ. આવું કરવાથી ગુનાખોર માનસિકતા ધરાવનારા અન્ય લોકો પર મનોવૈજ્ઞાનિક અસર થાય છે અને ગુન્હા આચરવાથી દૂર રહેવા પ્રેરાય છે.

સમાજે પણ એલર્ટ રહેવું જોઈએ. થોડી આવડત કોઈની જોઈને પ્રભાવિત થઈ જવાનો પ્રવાહ ચાલે છે. આના કારણે દરેક ક્ષેત્રોમાં ધવલો ધમધમવા લાગ્યા છે. ટેલેન્ટ સારી બાબત છે, પરંતુ ટેલેન્ટ સાથે વિકૃતિ હોય તો તે રાક્ષસી ઉર્જા ગણાય. આવા તત્વોથી પ્રભાવિત થવાને બદલે તેનાથી દૂર રહેવું જોઈએ.

ધવલ એ અનેકની જિંદગી બરબાદ કરી છે. હવે ખુદ બરબાદ થયો છે. ગુન્હા ખોરો માટે આ ચેતવણી છે, સુધરી જજો...



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ચૂંટણી પૂર્વે મફતની જાહેરાત કરવાની પ્રથા પર સુપ્રીમ નારાજ

## કોર્ટે કહ્યું કે લોકો હવે કામ કરવા તૈયાર નથી કારણ કે તેમને મફત રાશન અને પૈસા મળી રહ્યા છે



નવીદિલ્હી, તા. ૧૨

સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી પહેલા મફતની જાહેરાત કરવાની પ્રથા પર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું કે લોકો હવે કામ કરવા તૈયાર નથી કારણ કે તેમને મફત રાશન અને પૈસા મળી રહ્યા છે. સુપ્રિમ કોર્ટે ફ્રીબીઝ પર કડક ટિપ્પણી કરી છે. જસ્ટિસ બી. આર. ગવાઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેંચ શહેરી વિસ્તારોમાં બેઘર લોકોના આશ્રયના અધિકારને લગતી અરજી પર સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ ગવઈએ કહ્યું કે કમનસીબે, આ મફત યોજનાઓને કારણે લોકો કામ કરવા તૈયાર નથી. તેમને કોઈ કામ કર્યા વિના મફત રાશન અને પૈસા મળી રહ્યા છે. બેન્ચે એમ પણ કહ્યું કે સરકારે લોકોને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા જોઈએ અને તેમને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરવા જોઈએ.

ખંડપીઠે કહ્યું, 'અમે તેમના (બેઘર લોકો) માટે તમારી ચિંતાની પ્રશંસા કરીએ છીએ પરંતુ શું તેમને સમાજના મુખ્ય પ્રવાહનો ભાગ બનાવવા અને દેશના વિકાસમાં યોગદાન આપવા દેવાનું વધુ સારું નથી. કેન્દ્ર સરકારના એટર્ની જનરલ આર. વેંકટરામણીએ કોર્ટને જણાવ્યું કે કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નિવારણ મિશનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે. આ મિશનમાં શહેરી બેઘર લોકોને આશ્રય આપવા સહિત વિવિધ મુદ્દાઓને સંબોધિત કરવામાં આવશે. કોર્ટે એટર્ની જનરલને સરકાર આ મિશનને ક્યારે અમલમાં મૂકશે તેની ચકાસણી કરવા જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે આ કેસની આગામી સુનાવણી છ અઠવાડિયા પછી નક્કી કરી છે.

આ અગાઉ ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને એક કેસમાં મફતમાં છૂટ આપવા અંગે નોટિસ પાઠવી હતી અને તેમનો જવાબ માંગ્યો હતો. તે અરજી ચૂંટણી દરમિયાન મફતની જાહેરાત સામે હતી. અરજદારે કોર્ટ પાસે ચૂંટણી પંચને નિર્દેશ આપવા માટે નિર્દેશ માંગ્યો હતો કે રાજકીય પક્ષો ચૂંટણી પહેલા મફતના વચનો ન આપે. અમે તેમની પ્રત્યેની તમારી ચિંતાને સમજીએ છીએ, પરંતુ તેઓ પણ સમાજની મુખ્ય ધારામાં જોડાય અને દેશના વિકાસમાં યોગદાન આપવાનો મોકો મળે તો શું સારું નહીં? એટર્ની જનરલ આર. વેંકટરામણીએ બેન્ચને જણાવ્યું કે કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નિવારણ મિશનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે, જે અંતર્ગત શહેરી વિસ્તારોમાં ઘરવિહોણા લોકો માટે આશ્રયની જોગવાઈ સહિત વિવિધ મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવશે.

પહેલીવાર નથી જ્યારે સુપ્રીમ કોર્ટે મફત યોજનાઓ પર કેન્દ્રને ઘેર્યું હોય. ગયા વર્ષે, કોર્ટે કેન્દ્ર અને ચૂંટણી પંચને પૂછ્યું હતું કે રાજકીય પક્ષો હંમેશા ચૂંટણી પહેલા મફત યોજનાઓની જાહેરાત કરે છે. વધુ મત મેળવવા માટે રાજકીય પક્ષો મફત પર આધાર રાખે છે અને તેનું ઉદાહરણ તાજેતરમાં યોજાયેલી દિલ્હીની ચૂંટણીમાં જોવા મળ્યું છે.

સુનાવણી દરમિયાન, એટર્ની જનરલ આર વેંકટરામણીએ જણાવ્યું હતું કે સરકાર શહેરી ગરીબી નાબૂદી કાર્યક્રમને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે જે ગરીબ શહેરી ઘરવિહોણા લોકોને આવાસ આપવા અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ માટે મદદરૂપ થશે. સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલને સરકાર પાસેથી સૂચનાઓ લેવા અને આ કાર્યક્રમ ક્યારે લાગુ કરવામાં આવશે તે જણાવવા જણાવ્યું હતું. કોર્ટ ૬ અઠવાડિયા પછી વધુ સુનાવણી કરશે.

# ભારતમાં ગેરકાયદે પ્રવેશ કરનારાઓની હવે ખેર નહીં

## સરકાર આવનારા દિવસોમાં પ્રવેશ નારાઓ સામે કડક નિયમો લાગુ કરવા અંગેનું રજૂ કરશે બિલ

નવીદિલ્હી, તા. ૧૨

એવું લાગે છે કે સમગ્ર વિશ્વમાં સ્થળાંતર કરનારાઓને લઈને ધીમે ધીમે નવા અને કડક નિયમો બનાવવામાં આવશે. હાલમાં જ અમેરિકાએ જે કર્યું તે આખી દુનિયાએ જોયું, હવે ભારત પણ આ અંગે કડક પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે.

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશનારાઓ સામે કડક નિયમો લાગુ કરવા જઈ રહી છે. પ્રસ્તાવિત ઈમિગ્રેશન બિલ ૨૦૨૫ મુજબ, માન્ય પાસપોર્ટ અથવા વિઝા વિના ભારતમાં પ્રવેશ કરનાર કોઈપણ વિદેશી નાગરિકને પાંચ વર્ષ સુધીની જેલ અને ૫ લાખ રૂપિયા સુધીના દંડની સજા થઈ શકે છે. આ સિવાય ઘણા નિયમો પણ સામેલ હોઈ શકે છે જેને સમજવું જરૂરી છે.

વાસ્તવમાં, સંભવિત નિયમોમાં એ પણ બહાર આવ્યું છે કે જો કોઈ નકલી પાસપોર્ટ અથવા નકલી મુસાફરી દસ્તાવેજો દ્વારા દેશમાં પ્રવેશ કરે છે, તો તેને ઓછામાં ઓછી બે વર્ષની અને વધુમાં વધુ સાત વર્ષની સજા થઈ શકે છે. આ ઉપરાંત ૧ લાખથી ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, આ બિલ હેઠળ ભારતમાં ઈમિગ્રેશન અને વિદેશી નાગરિકોને લગતી બાબતોને નિયંત્રિત કરવા માટે ચાર જૂના કાયદાઓ દૂર કરવામાં આવશે. તેમાં વિદેશી નાગરિક અધિનિયમ, ૧૯૪૬નો સમાવેશ થાય છે; પાસપોર્ટ એક્ટ, ૧૯૨૦; ફોરેનર્સ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૩૯; અને ઈમિગ્રેશન એક્ટ, ૨૦૦૦. આ નવો કાયદો આ બધાને જોડશે અને એક વ્યાપક અને અસરકારક કાયદાકીય વ્યવસ્થાનું નિર્માણ કરશે. હાલમાં, માન્ય પાસપોર્ટ અથવા વિઝા વિના ભારતમાં પ્રવેશનારા વિદેશી નાગરિકો માટે મહત્તમ પાંચ વર્ષની સજા અને દંડ છે, જ્યારે નકલી દસ્તાવેજો સાથે પ્રવેશ કરનારાઓને મહત્તમ આઠ વર્ષની સજા અને ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ છે.

વિદેશી વિદ્યાર્થીઓને લઈને પણ નવા કાયદામાં કડક જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, હોસ્પિટલો અને નર્સિંગ હોમે સરકારને વિદેશી નાગરિકોની માહિતી આપવાની રહેશે. રિપોર્ટ અનુસાર, નવા બિલમાં એવી જોગવાઈ પણ છે કે જો કોઈ વિદેશી નાગરિક તેના વિઝાની મુદત પૂરી થયા પછી ભારતમાં ઓવરસ્ટેટ કરે છે અથવા કોઈપણ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરે છે, તો તેને ત્રણ વર્ષ સુધીની જેલ અથવા ૩ લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે.

આ ઉપરાંત, જો કોઈ ગેરકાયદેસર વિદેશી નાગરિકને કોઈપણ વિમાન અથવા પરિવહનના અન્ય માધ્યમો દ્વારા ભારતમાં લાવવામાં આવે છે, તો સંબંધિત કેરિયર પર ૫ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. સરકારને આ કાયદા હેઠળ વિદેશી નાગરિકોના ભારતમાં પ્રવેશ, તેમની પ્રવૃત્તિઓ અને દેશમાંથી બહાર નીકળવા પર નિયંત્રણ માટે વિશેષ સત્તાઓ મળશે.

આ હેઠળ, સરકારને ભારતમાં કોઈપણ વિદેશીની અવરજવર પર પ્રતિબંધ મૂકવાનો, તેને કોઈ ચોક્કસ વિસ્તારમાં જવાથી રોકવાનો અને જો જરૂરી હોય તો તેના ફોટોગ્રાફ અને બાયોમેટ્રિક્સ વિશેની માહિતી લેવા માટે દબાણ કરવાનો અધિકાર હશે.

નિષ્ણાતોનું કહેવું છે કે આવા કાયદાઓનું વિશ્લેષણ કરવાથી જ ખબર પડશે કે તેની પાછળનો ઈરાદો શું હોઈ શકે છે. જો કે, આવા કાયદાઓ કોઈપણ માટે જવાબ કહી શકાય નહીં. કોઈપણ દેશના સાર્વભૌમત્વ માટે આ જરૂરી હોઈ શકે છે.

# મણિપુરમાં રાજકીય કટોકટીની સ્થિતિ

## અત્યાર સુધી કોઈએ સરકાર બનાવવાનો દાવો કર્યો નથી

નવીદિલ્હી તા..૧૨

મણિપુરમાં રાજકીય કટોકટી સર્જાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. મુખ્યમંત્રી એન. બિરેન સિંહના રાજીનામા બાદ નવા સીએમના નામની જાહેરાત કરવામાં આવી નથી. દરમિયાન, ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રાએ થોડા કલાકો પહેલા રાજભવન ખાતે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને વચ્ચે થોડો સમય ચર્ચા થઈ હતી. જો કે આ બેઠકનું પરિણામ હજુ સુધી જાણી શકાયું નથી. પાત્રા, ભાજપના પૂર્વોત્તર પ્રભારી, બાદમાં એક હોટલ માટે રવાના થયા, જ્યાં તેઓ પાર્ટીના ધારાસભ્યોને મળવાની સંભાવના છે. એન બિરેન સિંહે ૯ ફેબ્રુઆરીના રોજ જાતિ હિંસાગ્રસ્ત રાજ્યના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું, જેના કારણે ત્યાં નેતૃત્વની કટોકટી સર્જાઈ હતી. મંગળવારે પાત્રાના નેતૃત્વમાં ભાજપનું પ્રતિનિધિમંડળ રાજભવન ખાતે ભલ્લાને મળ્યું હતું.



અત્યાર સુધી કોઈએ સરકાર બનાવવાનો દાવો કર્યો નથી, નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે ભાજપ શાસિત મણિપુર બંધારણીય કટોકટી તરફ આગળ વધી રહ્યું છે. હા, જાણકારોના મતે જો આવી સ્થિતિ ચાલુ રહી તો રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અરુણાભ ચૌધરીએ કહ્યું, 'મણિપુરમાં વિધાનસભા સક્રિય છે... તે સસ્પેન્ડેડ રાજ્ય કે રાષ્ટ્રપતિ શાસન હેઠળ નથી. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ વિધાનસભાનું સત્ર યોજવું ફરજિયાત છે. સ્વાભાવિક છે કે આનાથી મોટું બંધારણીય કટોકટી સર્જાશે.અનુચ્છેદ ૧૭૪ જણાવે છે કે રાજ્યપાલ સમયાંતરે ગૃહ અથવા રાજ્ય વિધાનસભાના દરેક ગૃહને તેમને યોગ્ય લાગે તેવા સમયે અને સ્થળે મળવા બોલાવશે. પરંતુ એક સત્રમાં તેની છેલ્લી મીટીંગ અને આગામી સત્રમાં તેની પ્રથમ મીટીંગ માટે નક્કી કરેલ તારીખ વચ્ચે છ મહિનાનો અંતર રહેશે નહીં. ચૌધરીએ કહ્યું કે છ મહિના પછી આનાથી બંધારણીય મડાગાંઠ સર્જાશે અને કલમ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિ શાસન જ એકમાત્ર વિકલ્પ છે. બંધારણની કલમ ૩૫૬ રાષ્ટ્રપતિને કેન્દ્રીય મંત્રી પરિષદની સલાહ પર કોઈપણ રાજ્ય પર આ નિયમ લાદવાની સત્તા આપે છે. મુખ્યમંત્રી એન. બિરેન સિંહે ૯ ફેબ્રુઆરીએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને રાજ્યપાલ એ. ના. ભલ્લાએ તેનો સ્વીકાર કર્યો હતો. તેમણે મુખ્ય પ્રધાનને વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પદ પર રહેવા વિનંતી કરી હતી. મણિપુરમાં વિધાનસભાનું છેલ્લું સત્ર ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પૂરું થયું હતું. મે ૨૦૨૩ થી, ઈમ્ફાલ ખીણ અને આસપાસના પર્વતીય વિસ્તારોમાં મેઈતેઈ અને કુકી-જો સમુદાયો વચ્ચે વંશીય હિંસામાં ૨૫૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો બેઘર થયા છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સહેમી હુઈ સંવેદના! (બોધકથા)

## જેનું યશ ગાન ગાતાં આપણું મન ધરાય નહીં, એવાં યશોદા બા ની જીવન ગાથા!



આજે હરિ મંદિરમાં પંચદેવની પૂજામાં શિવલિંગને દૂધનો અભિષેક કરતી હતી, અને ચા તે રૂદ્ર શિવા.. બોલતી હતી પણ પૂજામાં મન લાગતું નહોતું અને અંતરમાં બિલાડીનો મ્યાઉં મ્યાઉં અવાજ પડઘાતો હતો! જાણે એમ કહેતી હોય મને દૂધ આપતી નથી, અને આમ દૂધ ઢોળે છે! અમારા ઘર આસપાસ ક્યાંક બિલાડીને બચ્ચા આવ્યાં હશે, એટલે જીવદયાથી પ્રેરાઈને રોજ દૂધ રોટલી આપતી! પણ બિલાડી વિશ્વાસઘાતી પ્રાણી હોવાથી બે ત્રણ વખત દુધ બોટી ગઈ, એટલે આપવાનું બંધ કર્યું, પણ બિલાડી એનાં સમયે આવીને મ્યાઉં મ્યાઉં કરતી! અંતર કકળતું પણ ખરું! છતાં દૂધ આપ્યું નહીં, એટલે જાણે એ સહેમી હુઈ સંવેદના એ બળવો કર્યો હોય એમ પૂજામાં પણ મન ન લાગ્યું, જોકે સંસારીની પૂજા મમ્મી કહેતી એમ માની લેજો ઠાકોરજી! એવી જ હોય. પણ કહેવાનું એ છે કે આમ જ આપણાં સૌની સંવેદના આપણા દ્વારા જ સહેમી ગઈ છે! રોકાઈ ગઈ છે! કે જડ બની ગઈ છે.

આજે તો આખો દિવસ આમથી તેમ આંટા ફેરા થયાં અને માલતી થાકીને લોથપોથ થઈ કોફીનો કપ લઈને બેઠી! એ વિચારવા લાગી કે આજથી એક વર્ષ પહેલા જો યશોદા બા ને પોતાના મનની મુંઝવણ કીધી ન હોત તો! આજે એની જીંદગી હજી એકલતાનાં અભિશાપ જેવી હોત! વાત જાણે એમ હતી કે માલતી એક સાધારણ દેખાવ અને સાધારણ પરિવારની ૫૦ વર્ષની વિધવા હતી. મયંક તેનો એકનો એક દીકરો પરણીને બધું ગોઠવાઈ જાય પછી તને પણ બોલાવીશ એમ કરીને મેટ્રો શહેરમાં વસી ગયો હતો! ન બોલાવતો હતો કે ન આવતો હતો. શરૂઆતમાં થોડા રૂપિયા આવતાં હતાં પણ પછી એ પણ બંધ થઈ ગયા. માલતીના પતિ એક પ્રાઈવેટ કંપનીમાં સામાન્ય કારકૂનની નોકરી કરતા હતાં એટલે એવી કોઈ સંપત્તિ મુકીને ગયા ન્હોતા. માલતી ઘણીવાર ભગવાનને કહેતી કે થોડા રૂપિયા હોત તો, સમાજ સેવા કરીને આ એકલતા દૂર કરત!

માલતી રોજ મંદિરે જતી અને આરતી પૂરી થાય એટલે પાછી આવે, મહોલ્લામાંથી યશોદા બા પણ આરતીમાં આવતા હતાં, જે ઉંમરમાં ૭૦ વર્ષના હતા! અને એ પણ એકલાં જ રહેતાં હતાં, પણ એણે ક્યારેય પોતાની એકલતાની ફરિયાદ કરી નહોતી, અને કાયમ સ્ફૂર્તિવંત રહેતા હતાં, અને શરીર હજી ટટ્ટાર હતું. માલતી એ પોતાનાં મનની વાત કરી કે થોડીઘણી સમાજ સેવા કરવાની ઈચ્છા હતી, પણ એટલાં રૂપિયા ક્યાં છે! યશોદા બા હસી પડ્યા અને કહ્યું માલતી મને તો મારો પતિ સંતાન આપી શકતી નથી એમ કરીને છોડી ગયો હતો! એક ભવમાં બે ભવ કરવા ન્હોતાં એટલે જીવનને નવો વળાંક આપવા વિચાર્યું. માલતી સમાજ સેવા રૂપિયાથી જ થાય! એવું કોણે કહ્યું? માલતી કંઈ સમજી નહીં, એટલે કહ્યું તું કાલે મારી સાથે આવજે.

બીજે દિવસે મંદિર પાસેની પરબની કોઠી ચોખ્ખા પીવાના પાણીથી ભરી ગ્લાસ અને ઢાંકણ સાફ કર્યા! સામેની બાજુએ આવેલ કેટલાય છોડને પાણી પાયું. રસ્તામાં આવતો કચરો કે પ્લાસ્ટિક એક કચરાપેટી નાખવા ગયા! કચરા પેટી આસપાસ પડેલ વેસ્ટ ફૂડ માંથી ગાય કૂતરા ખાઈ શકે એવું એને નાંખતા નાંખતા આગળ વધ્યા! રસ્તામાં કોઈ એ ખાવાનું પ્લાસ્ટિક બેગમાં નાખ્યું નથી ને ! કારણકે ગાય ખાય તો એને કેન્સર થાય છે! નકામી પ્લાસ્ટિક બેગ ખાઈ ખાઈને લાખોની સંખ્યામાં ગાય કૂતરા મરે છે, એવું કહ્યું. વળી પાછાં મંદિર પાસે આવ્યાં અને પૂજારી પાસેથી પરચૂરણ લઈ અને નાના નાના દુકાનદારોને આપ્યાં, અને એમણે સો રૂપિયે દસ દસ રૂપિયા વધુ આપ્યા, એમાંથી ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો માટે પેન્સિલ લીધી. પેન્સિલ દેવાં ગયા એટલે એમની માતા ઓને મળીને ઓછાં સાધનથી રસોઈને શરીર સંબંધી નાની ટીપ્સ આપી! સાથે લાવેલ હળદર, હીંગ, અને અજમો જેવી ઘરઘથ્થુ ઔષધિ જેને જરૂર હતી એને આપી! માલતી સાથે એ હોસ્પિટલ પહોંચ્યાં, અને ત્યાં દાખલ થયેલાં દર્દી ઓને ફળ કે દવા લાવી આપ્યાં. આજે કેટલી ડિલિવરી થઈ છે, એની તપાસ કરીને એમને બાળકનાં જન્મ પછી કેટલાં ટીકા અને શું કામ લેવાનાં છે, એ સમજાવ્યું.

યશોદા બા એ માલતીને કહ્યું માલતી તું તો ઘણું ભણેલી છો, તો લોકોમાં આ બધી બાબતે જાગૃતિ આવે એવું પણ કંઈક વધુ સારું કરી શકે છે. ગરીબ અને અનાથ બાળકોને ભણાવી શકે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતી સ્ત્રીઓને માસિકના સમયે રખાતી તકેદારી વિશે સમજણ આપી શકે છે, અને આવાં સમયે સ્વચ્છતાનું મુલ્ય સમજાવી શકે છે. હવે તો ગર્ભાશયનાં કેન્સરનો ખતરો ટાળવા મ્યુનિસિપલ કોર્પોરેશન માંથી લોકોને સેનેટરી પેડ રાહત દરે આપે છે! એ બધું સમજાવી શકે છે. એમને કે એમનાં પતિને વ્યસન મુક્તિ કેન્દ્રની જાણકારી અને એનાં લાભ વિશે વાત કરી વ્યસન છોડાવી શકે છે. માલતી કોનાં જીવનમાં સમસ્યા નથી હોતી! પણ આ લોકો આગળ આપણી સમસ્યા કંઈ જ નથી! બાકી તારી મરજી! આખી જીંદગી હે ઈશ્વર તે આમ શું કામ કર્યું! અને તેમ ન કર્યું! એમાં કાઢવી હોય તો કોઈ શું કરી શકે છે! બાકી ધારે તો તું ઘણું કરી શકે છે.

માલતીનાં મન અને મગજમાં યશોદા બા નાં માલતી તું ધારે તો ઘણું કરી શકે એમ છો! એ મર્મ વાક્યની બહુ અસર થઈ અને એણે ગાંઠ બાંધી કે રૂપિયા હોય તો જ સમાજ સેવા થાય ! એવું બિલકુલ નથી હું ઘણું કરી શકું એમ છું! પછાત અને શ્રમજીવી લોકોમાં અવર્નેસ એટલે કે જાગૃતિ આવે એ માટે થઈને એ લોકો વચ્ચે જઈ ઉદાહરણ સાથે વાતો કરવી કંઈક પ્રેકટિકલ બતાવવા, વ્યસન એ રૂપિયા અને શરીર બંને નો નાશ કરનાર છે! એ સમજાવવું! બીજું સૌથી વધુ તો આજે લોકોને પ્રેમનો અભાવ સતાવે છે, એટલે એમનું પણ કોઈ છે! એવું જતાવવું આ બધું જ એનાથી થઈ શકે! છોકરાંવને વાર્તા રૂપે આપણા શાસ્ત્રોની કથાઓ સંભળાવી શકાય! જેથી કરીને રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા, જેવા ચરિત્રોથી પરિચિત કરાવી શકાય! અને આજે તો એનું જીવન સમુગળુ બદલાઈ ગયું હતું અને એ વિચારતી હતી કે મયંક છોડી ગયો નહોત તો ! આમાંનું કંઈ જ કરી શકી નહોત! મમતા વશ કદાચ એ જ આંટીઘૂંટીમાં અટવાઈને જીવતી હોત. હે ભગવાન તે મને યશોદા બા સાથે મેળવીને ધન્ય કરી દીધી, અને એટલે અંતે હું મારા અસ્તિત્વ ને સિદ્ધ કરી શકી અને આ માનવ જીવન સફળ બનાવી શકી.

મિત્રો શું નથી લાગતું કે બીજું કંઈ નહીં તો આવી થોડી અવર્નેસ રાખીને આપણે પણ સમાજ સેવા કરી શકીએ એમ છીએ?

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### ઓનલાઇન ફ્રોડ સામે જાગૃત થવાના પોલીસ ગમે તેટલા ઢોલ પીટે લોકો લલચાયા વગર રહી શકતાં નથી!

# શેરબજારમાં કમાણીનો લાડવો લેવા જતાં સાડત્રીસ લાખ ગુમાવ્યા

### શરૂઆતમાં રોકાણ કરતાં ખાતામાં બે કરોડનો નફો દેખાડાયોઃ પણ રકમ ઉપાડવા ટાણે ઠેંગો બતાવી દેવાયોઃ બીજા કિસ્સામાં પેઢીનું નકલી લેટરપેડ, બીલ બનાવી સાત લાખની છેતરપીંડી

રાજકોટઃ ઓનલાઇન ફ્રોડની અફાટ દુનિયામાં રોજ કોઇને કોઇ શિકાર બની લાખો કરોડો અને મરણમુડી ગુમાવી રહ્યું છે. પોલીસ જાગૃકતા લાવવા ઢોલ પીટી રહી છે પરંતુ લોકો લાલચમાં આવી જઇ ભૂલ કરી બેસે છે અને પછી માથે ઓઢીને રડે છે. શેર બજારમાં કમાણી, ઉંચુ વળતર મેળવવાની લાલચ આપી અનેકને છેતરી લેવાયા છે. આ વચ્ચે વધુ એક કિસ્સામાં આધેડને ફસાવી સાડત્રીસ લાખથી વધુની રકમ ખાઇ જવામાં આવી છે. ફ્રોડના બીજા બનાવમાં એક પેઢીના નામે ખોટુ લેટરપેડ અને બીલ બનાવી સાત લાખની ઠગાઇ કરવામાં આવી છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શેરબજારની ટીપ્સ આપીને ઊંચુ વળતર મળવાની લાલચ આપીને ૩૭.૧૦ લાખ રૂપિયા વડોદરા શહેરમાં રહેતા સિનિયર ટેકનીશીયન મિકેનિકલ ડિપાર્ટમેન્ટ પણ ફરજ બજાવતા કર્મચારી પાસેથી ભેજાબાજોએ પડાવી લીધા હતા. ભેજાબાજોએ આરંભીક રોકાણ સામે આ ટેકનીશિયનના ખાતામાં ૨.૪૨ કરોડ રૂપિયાનો નફો બતાવ્યો હતો. પરંતુ આ રૂપિયા ફરિયાદી ઉપાડી શક્યા નહોતા. આ મામલે વડોદરા સાઇબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં ભાવનગરના મહુવાના વેપારીએ જયપુરના વેપારીને મોકલેલ રૂ.૬.૯૬ લાખની ડુંગળીનું પેમેન્ટ અજાણ્યા મોબાઈલ ધારક શખ્સોએ મહુવાની પેઢીના નામે ખોટું બિલ અને બિલ્ટી બનાવી જયપુરના વેપારી પાસેથી રોકડ તેમજ આંગડિયા મારફત બારોબાર મેળવી લઈને છેતરપિંડી કરતા વેપારીએ બે મોબાઈલ નંબર ધારક વિરૂધ્ધ મહુવા પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ થઇ છે.




પોલીસે જણાવ્યા અનુસાર મહુવાના પરસીવલ પરામાં નૈતિક ટ્રેડર્સ નામની પેઢી અને માર્કેટિંગ યાર્ડમાં ગોડાઉન ધરાવતા વેપારી નૈતિકભાઇ વસંતરાય દોશી (રહે. સત્ય સદન સોસાયટી, મહુવા) એ મહુવા પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે તેમને એક નંબર પરથી અજાણ્યા વ્યક્તિએ ફોન કરી પોતે ચારભુજા આલુભંડાર જયપુર (રાજસ્થાન)થી બોલતા હોવાનું જણાવ્યું હતું.

તેમજ ફોન કરનારે કહેલું કે અમારે ત્યાં ડુંગળીનો માલ વેચાણ કર વા મોકલી આપો, તમને સારા ભાવ અપાવીશ તેમ વાત કરતા જયપુર ખાતે આ ચારભુજા આલુભંડાર નામની ઓફિસ આવેલ છે તે સરનામું વેરીફાઇ કરીને તે જ દિવસે મહુવા માર્કેટીંગ યાર્ડમાંથી માલ ખરીદ કરી વેચાણ માટે કાંદાની થેલી-૬૯૧ કિલો-૩૪૭૯૦ મોકલવા માટે તૈયાર કરેલ અને ગાડી નં. આરજે-૩૪-જીબી-૭૦૮૮ મારફતે માલ મોકલી આપેલ, આ માલ અમે મહુવાના નુરાની ટ્રાન્સપોર્ટના માલીક રઝાકભાઇ મારફતે મોકલેલ જેમાં ડ્રાઇવરનો મોબાઇલ નંબર આપેલ હતો, આ માલ જયપુર મુકામે શ્રીચારભુજા આલુ ભંડાર, છ-૩૬, મુહાના મંડી, ટર્મીનલ માર્કેટ, સાંગાનેર, જયપુર મુકામે ઉતાર્યાની ખરાઇ ડ્રાઇવરને ફોન કરીને કરેલ હતી. આ માલ સુરેશ યાદવ જયપુર વાળાના નામ પર મંગાવેલ હતો.

પરંતુ ખરેખર સુરેશ યાદવના નામે બીજા કોઇ વ્યક્તિએ મોબાઇલ પરથી વાતચીત કરેલ હતી, તેના કહેવા મુજબ આ માલ મોકલેલ હતો, અને માલ વેચાઇ ગયેલ, આ વખતે મોબાઇલ ધારકે શ્રી ચારભુજા આલુ ભંડાર પાસેથી રૂ.૨,૦૦,૦૦૦ રોકડા મેળ વી લીધા હતા, તે વાત ચારભુજા આલુભંડારના માલીક સુરેશ યાદવ પાસેથી જાણવા મળેલ, તેમણે બીજા પૈસા અન્યફ મોબાઇલ નંબરના ધારકને મહુવા મળે તે રીતે નાખેલ હતા, પરંતુ આ પૈસા માટે આંગડીયા ઓફિસમાંથી અજાણ્યા માણસને ફોન કરતા તેણે કહેલ કે આ પૈસા મને મહેસાણા મોકલી આપશો જેથી રૂ.૪,૯૬,૨૦૦ મહેસાણા મોકલેલ હતા, જે અજાણ્યા માણસે કમલેશ કાંતી નામની આંગડીયા પેઢીમાંથી ઉપાડી લીધા હતા.

ઉપરાંત એક મોબાઇલ ધારકે સ્વસ્તીક ટ્રેડીંગ કુ.જનરલ મર્ચન્ટ એન્ડ કમીશન એજન્ટ, સી/ઓ શીવ શક્તિ પાન સેન્ટર, નવાઝાપા, મહુવા જી.ભાવનગર નામની પેઢીનુ ખોટુ લેટરપેડ બનાવી તેમજ મુળ બીલ, બીલ્ટી ડ્રાઇવર પાસેથી લઇ બદલાવેલ હતી.

જે સ્વસ્તીક ટ્રેડીંગ નામની ખોટી બીલ્ટી ડાયરેક્ટ સુરેશ યાદવ શ્રીચારભુજા આલુ ભંડાર જયપુર વાળાને આપેલ હતી. આ અમારા મોકલેલ માલનુ પેમેન્ટ તેઓએ સ્વસ્તીક ટ્રેડીંગ કુ. નામનુ બનાવટી બીલ્ટી બનાવી મેળવી લઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. તેમ ફરિયાદમાં જણાવાયું હતું.

# મિલકત સંબંધી ગુન્હામાં મેહુલ ઉર્ફે ભૂરી ઉર્ફે મામો જેઠવા પાસા જેલમાં ધકેલાયો

### અગાઉ ૩૧ ગુનામાં પોલીસના ચોપડે ચડી ચૂક્યો છે મેહુલ : ભુજની જેલમાં મોકલાયો

રાજકોટ મિરર, તા.૧૮

શ્હેરમાં અગાઉ ૩૧ પુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા મહુડી વિસ્તારમાં રહેતો મેહુલ ને પોલીસે પાસા તળે પકડી પાડી ભુજ જેલ હવાલે કર્યો છે.

મિલકત સંબંધી ગુન્હામાં ટેવ વાળા શકશો ગુનો કરતા અચકાય અને ગુનાઓ પર અંકુશ રહે તે માટે શરીર સંબંધી ગુનામાં પકડાયેલ શખ્સો વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવા અંગે સૂચના થયેલી હોય જેથી પી.આઈ જે.આર દેસાઈ દ્વારા શખ્સ વિરુદ્ધ પાછા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનર રાજકોટ શહેર તરફ મોકલી આપવામાં આવતા પોલીસ કમિશનર રાજકોટ શહેરના દ્વારા પાસા દરખાસ્ત મંજૂર કરી પાસા વોરંટ ઈશ્યુકરતા શખ્સને વાતાવરણની બજવણી કરી પાસા તળે ભુજ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.





મેહુલ વિરુદ્ધ અગાઉ ૩૧ ગુન્હા નોંધાયેલા છે. જેમાં માલવિયા નગર માં ૧૨ ગુન્હા,રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ૩ ગુન્હા, ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ૫ ગુન્હા, એડવિઝન પોલીસ સ્ટેશનમાં ૩ ગુન્હા, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ૧ ગુન્હા , આજે ડેમ પોલીસ સ્ટેશનમાં ૧ ગુન્હા, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાંર ગુન્હા, ધારી પોલીસ સ્ટેશન અમરેલી ૧ ગુન્હા નોંધાયેલા છે.

મેહુલને દબોચવા માટે માલવિયા પોલીસ સ્ટેશનના જે.આર.દેસાઈ પી.એસ. આઈ એસ.એ.સિંધી હેડ. કોન્સ્ટેબલ મહેશભાઈ રૂદાતલા શૈલેષભાઈ ખીહડીયા,અજયભાઈ વિક્રમા,દિનેશભાઈ બગડા સહિતનો સ્ટાફ છોડાયો હતો

# વીડીવાળા પીરના ઉર્ષના કાર્યક્રમમાં મિત્રો સાથે તળાવમાં ન્હાવા ગયેલા શાહબાજ કારેટનું મોત

### શહેરના હડમતીયા ગામ માં ઉર્ષમાં ગયેલા યુવાન તળાવમાં નહાવા પડતા મોત થયું હતું





રાજકોટ મિરર તા.૧૨

તળાવમાં ડૂબી જતા યુવાનનું મોતઃરાજકોટમાં ઉર્ષ મુબારકના કાર્યક્રમમાં મિત્રો સાથે ગયેલો યુવાન તળાવમાં નહાવા પડતા ઊંડા પાણીમાં ગરકાવ, ફાયરે મૃત હાલતમાં કાઢ્યો

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના જંગલેશ્વરના ગાંધી સોસાયટી મેઇન રોડ ઉપર બગદાદી ગેટ પાસે રહેતો ૧૯ વર્ષિય યુવાન શાહબાજ સલીમ કારેટ તેના મિત્રો સાથે આજે બપોરે કુવાડવા રોડ ઉપર હડમતીયા ગામ પહેલા આવેલી વીળીવાળા પીરની દરગાહ ખાતે પહોંચ્યો હતો. જ્યાં ઉર્ષ મુબારકનો કાર્યક્રમ હોવાથી આ યુવાન પોતાના મિત્રો સાથે ત્યાં ગયો હતો. જે દરમિયાન દરગાહની પાછળ આવેલા તળાવમાં આ યુવાન મિત્રો સાથે નાહવા ગયો હતો. જોકે થોડીવારમાં શાહબાજ ડૂબવા લાગ્યો હતો અને તેનો મિત્ર પાણીમાં ગરકાવ થઈ રહ્યો હતો. જોકે, આસપાસના લોકોએ તેના મિત્રને બચાવી લીધો હતો, પણ શાહબાજ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો.

યુવાનનો પરિવાર ત્યાં પહોંચે તે પહેલા જ આ યુવાન તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જે દરમિયાન રેલ નગર ફાયર બ્રિગેડ ઓફિસ ખાતેથી એક ફાયર ફાઈટર ત્યાં પહોંચ્યું હતું અને આ યુવાનની શોધખોળ હાથ ધરી હતી. જોકે, થોડા સમય બાદ યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો, જેથી તેને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ યુવાનના મૃત્યુથી પરિવારમાં શોક ફેલાઈ ગયો હતો. મૃતક યુવાન કલરકામ કરતો હતો અને તેને ૧ ભાઈ અને બહેન છે. તેના પિતા પણ કલર કામની મજૂરી કરી પરિવારનું ગુજરાત ચલાવી રહ્યા છે. બનાવ અંગે કુવાડવા પોલીસ મથક દ્વારા ગુનો દાખલ કરી તપાસ કરવામાં આવી હતી.

### જુના એરપોર્ટ રોડ મારૂતિગનરમાં રહેતું દાઉદી વ્હોરા દંપતિ ફ્લેટના સોદામાં છેતરાઇ ગયું

# બિલ્ડરે લોન લીધેલ ફ્લેટ પધરાવી ૩૭ લાખ કટકટાવ્યા

### સુથી અને અડધી રકમ બિલ્ડર રણજીત વશિષ્ટે લઇ લીધી ત્યાં અશાંતધારો આવ્યોઃ છતાં પોતે દસ્તાવેજ કરી આપશે તેવા બણગા ફુંકી બાકીની રકમ લઇ લીધીઃ છેલ્લે ખબર પડી કે ફ્લેટ પહેલેથી લોન ઉપર છે અને દસ્તાવેજ બેંકમાં જમા છેઃ પ્ર.નગર પોલીસમાં ફરિયાદ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૨**

રાજકોટઃ લોકોને છેતરવાના જ જેનો ઈરાદા હોય છે તેઓ ગમે તેમ કરીને ગરીયા ફેરવી નાંખતા હોય છે. અલગ અલગ પ્રકારે થતી ઠગાઇમાં વધુ એક ઉમેરો થયો છે. શહેરના જુના એરપોર્ટ રોડ પર આવેલા મારૂતિનગરમાં રહેતાં દાઉદી વ્હોરા પરિવારના ગૃહિણી સાથે આ વિસ્તારમાં જ ભાગીદારીમાં એપાર્ટમેન્ટ બનાવનાર બિલ્ડરે સાડત્રીસ લાખની છેતરપીંડી કરી છે. બિલ્ડરે પોતાનો ફ્લેટ લોન પર હોવા છતાં આ વાતની જાણ ન કરી ફ્લેટનો સોદો કરી લઇ બે કટકે રોકડ મેળવી લીધી હતી. એ પછી અશાંતધારો આવી ગયો છતાં પોતે દસ્તાવેજ કરી આપશે તેવી વાતો કરી હતી. તપાસ કરતાં ખબર પડી હતી કે ફ્લેટનો દસ્તાવેજ લોન લેવાઇ હોવાને કારણે બેંકમાં છે!




છેતરપીંડીના આ બનાવમાં શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ થઇ છે. એરપોર્ટ રોડ મારૂતિનગર-૨ નટરાજ ગોલાવાળી શેરી તસ્કી એપાર્ટમેન્ટમાં રહેતાં અડતાલીસ વર્ષના તાહેર-ાબેન મુર્તુઝા ચિકાણી-દાઉદી વ્હોરાની ફરિયાદ પરથી રણજીત જીતબહાદુર વશિષ્ટ વિરૂધ્ધ લોનવાળો ફ્લેટ ધાબડી દઇ રૂા. ૩૭,૦૫,૩૦૦ની છેતરપીંડી આચરી હોવાની એફઆઇઆર દાખલ થઇ છે. ભોગ બનેલા ગૃહિણી તાહેરાબેને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને બીકોમ સુધીનો અભ્યાસ કર્યો છે. જાન્યુઆ-રી-૨૦૨૦માં મને તથા મારા પતિને જમીન મકાનના દલાલ શબ્બીરભાઇ ત્રવાડી મારૂતિનગર-૨ નટરાજ ગોલાવાળી શેરીમાં મોદક એપાર્ટમેન્ટમાં આવેલો ફ્લેટ નં. ૩૦૧ બતાવવા લઇ ગયેલ. આ એપાર્ટમેન્ટ રણજીત વશિષ્ટના નામે હતો. તેના માણસ સંજય ટાંકે જે તે વખતે અમને મકાન બતાવ્યું હતું. આ મકાન અમને પસંદ આવતાં અમે સુથી પેટે રણજીત વશિષ્ટને એરપોર્ટ રોડ પર આવેલી સાઇટ ખાતે તા. ૧૦/૨/૨૦ના રોજ રૂા. ૫૩૦૦ રોકડા આપ્યા હતાં.

આ સુથી આપી ત્યારે સંજય ટાંક અને દલ-ાલ શબ્બીર ત્રવાડી પણ હાજર હતાં. આ વખતે રણજીત વશિષ્ટે મને તથા મારા પતિને કહેલુ કે આ ફ્લેટની હાલની બજાર કિમત ૩૭,૫૦,૦૦૦ ગણાય છે. આથી અમે તે રકમ કટકે કટકે આપવાનું નક્કી કર્યુ હતું. થોડા દિવસમાં જ દસ્તાવેજ કરી આપશે તેવી તેણે ખાત્રી આપી હતી. ત્યારબાદ અમે તા. ૨૪/૨/૨૦ના રોજ રૂા. ૫ લાખ ચેકથી આપ્યા હતાં. એ પછી ફરી ૧૦ લાખ, ૫ લાખ અને બીજા ૫ લાખ સંજય ટાંકની હાજરીમાં આપ્યા હતાં. એ પછી અમને રણજીત વશિષ્ટે ફ્લેટની ચાવી આપી દીધી હતી. જેથી અમે ડિસેમ્બર-૨૦૨૦માં આ ફ્લેટમાં રહેવા માટે જતાં રહ્યા હતાં. આ પછી વિસ્તારમાં અશાંતધારો લાગુ પડતાં રણજીત વશિષ્ટને અમે કહેલું કે આ વિસ્તારમાં અશાંતધારો લાગુ પડી ગયો છે તો દસ્તાવેજ કઇ રીતે થશે? જેથી તેણે કહેલુ કે તમે ચિંતા ન કરો હું બધુ જોઇ લઇશ.

તાહેરાબેને આગળ જણાવ્યું હતુ કે અમે રણજીત વશિષ્ટની વાત પર વિશ્વાસ રાખ્યો હતો અને રાહ જોઇ હતી. થોડા સમય પછી અમે ફરીથી રણજીતને દસ્તાવેજ કરી આપવાનું કહેતાં તેણે તેના સંબંધી જે અમારા પણ સંબંધી હોઇ તેવા લલીત શાહી અને અનંત રાજા મારફત કહેલુ કે બાકી રહેતું પેમેન્ટ કરી દો. જેથી અમે તા. ૫/૨/૨૧ના રોજ રૂા. ૪ લાખ ચેકથી અને ૮ લાખ મળી કુલ ૧૨ લાખ ચુકવી દીધા હતા. આ રીતે અમે કુલ ૩૭,૦૫,૩૦૦ આપી દીધા હતાં. પરંતુ આજ સુધી રણજીત વશિષ્ટે અમને દસ્તાવેજ કરી આપ્યો હતો. તપાસ કરતાં અમને એવી પણ ખબર પડી હતી કે રણજીતે આ ફ્લેટ પર લોન લીધેલી છે અને હાલ લોન પણ ચાલુ છે. ફ્લેટનો દસ્તાવેજ હાલ બેંકમાં જમા છે. આથી અમે તેને દસ્તાવેજ ન થાય એમ હોય તો અમારુ પેમેન્ટ પાછુ આપી દેવા કહ્યું હતું.

પરંતુ તેણે દસ્તાવેજ ન કરી આપી ફ્લેટની અમે ચુકવેલી રકમ પણ પાછી આપી ન હોઇ છેતરપીંડી થયાનું જણાતાં અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં તાહેરાબેને કહેતાં પ્રધ્યુમનગરનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર પી. આર. ડોબરીયાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ કે. બી. રાઠોડે ગુનો નોંધ્યો હતો. વધુ તપાસ પીએસઆઇ ડી. પી. ગોહેલે હાથ ધરી છે. ફરિયાદી તાહેરાબેન અગાઉ શિક્ષીકા તરીકે નોક-રી કરતાં હતાં અને હાલમાં હાઉસવાઇફ છે. જ્યારે તેમના પતિ કરિયાણાના વેપારી છે. આરોપી ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

### મૃત્યુ ક્યારે ક્યાં કેવી રીતે આવી જાય તે કહી શકાય નહિ

## વાડીએ ટ્રાન્સફોર્મરનું ડીઓ માથે પડતાં ઈજાઃ વૃધ્ધ ખેડૂતનો જીવ ગયો

રાજકોટઃ મૃત્યુ ક્યારે ક્યાં અને કેવી રીતે આવી જાય તે કહી શકાતું નથી. કંઇક આવી જ એક ઘટનામાં કુવાડવાના ખોરાણા ગામે વાડીએ વિજ ટ્રાન્સફોર્મરનું ડીઓ માથા પર પડવાને કારણે ગંભીર ઇજા થવાથી એક ખેડુત વૃધ્ધનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો કુવાડવા નજીકના ખોરાણા રહેતાં એકોતેર વર્ષના અમૃતભાઇ નાથાભાઇ વેકરીયા રાતે વાડીએ હતાં ત્યારે વિજ ટ્રાન્સફોર્મરમાં ડીઓ બાંધી રહ્યા હતાં ત્યારે વજનદાર ડીઓ છટકીને માથા પર આવતાં ઇજા થઇ હતી. એ પછી તેમને ઉલ્ટીઓ થવા માંડી હતી. પણ બાદમાં સારુ થઇ જતાં તેઓ નાળીયેર પાણી પી સુઇ ગયા હતાં. ત્યારપછી ચક્કર આવતાં હોઇ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ સારવાર કારગત ન નીવડતાં તેમનું મૃત્યુ થયું હતું. કુવાડવા પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. મોભીના અણધાર્યા મૃત્યુથી વેકરીયા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

## પોલીસ-પોલીસ રમી બ્લેકમેઇલ કરનારા પોપટપરાના શખ્સને પાસાના પીંજરે પુરતી અસલી પોલીસ

### મિહીર કુગશીયાને સુરત જેલમાં ધકેલાયોઃ નકલી પોલીસ બની તોડ કરવાના, મારામારીના ગુનાઓમાં સંડોવણીઃ પીસીબીએ વોરન્ટ બજવણી કરી

રાજકોટઃ શહરમાં અલગ અલગ ગુનાખોરી આચરતાં ગુનેગારો સામે શહેર પોલીસ કમિશનર સતત પાસાનું શસ્ત્ર ઉગામી રહ્યા છે. અત્યાર સુધીમાં સોથી વધુ ગુનેગારોને પાસા તળે જેલમાં ધકેલી દેવાયા છે. વધુ એક આવા શખ્સને પાસા હેઠળ જેલમાં મોકલી દેવાયો છે. આ શખ્સ નકલી પોલીસ બનીને લોકોને ફસાવી બ્લેકમેઇલ કરી તોડ કરતો હતો અને મારામારીમાં પણ સામેલ હતો. પોલીસ પોલીસ રમીને લોકોને ધૂતતા આ શખ્સ વિરૂધ્ધ ત્રણ ગુના નોંધાઇ ચુક્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો પોલીસ કમિશનર વીસ વર્ષના મિહીર ભાનુભાઇ કુગશીયા (પોપટપરા-૫, રામજી મંદિર પાસે)ને સુરત જેલ ખાતે પાસા હેઠળ ધકેલી દેવાયો છે. પોલીસની ઓળખ આપી રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં બળજબરીથી પૈસા પડાવવા તેમજ મારામારીના ગુનામાં સામેલ મિહીરને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની રાહબરીમાં ક્રાઇમ બ્રાંચે તૈયાર કરી હતી. જે પોલીસ કમિશનરે મંજુર કરી હતી. મિહિર વિરૂધ્ધ રાજકોટ એ-ડિવીઝન, બી-ડિવીઝન અને ગોંડલ સીટીમાં ગુના દાખલ થયા હતાં. પાસાના વોરન્ટ બજવણીની કામગીરી ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, રાજુભાઇ દહેકવાલ, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા સહિતની ટીમે કરી હતી. પોલીસ કમિશનર સતત આ પ્રકારના ગુનેગારોએ પાસામાં ધકેલી રહ્યા છે તેમાં વધુ એક ઉમેરાયો છે.

## વાહન અકસ્માતની ઘાતઃ વધુ એક પરિવારનો આધારસ્તંભ યુવાનનો જીવ ગયો

### રેલનગરના યુવાને શારદાબાગ પાસે વખ ઘોળ્યુંઃ હાલત ગંભીર



રાજકોટ-મોરબી હાઇવે પર રતનપર પાસે ટ્રક અકસ્માતમાં મુળ બિહારના યુવાનની જિંદગીની સફરનો અંત

રાજકોટઃ વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારના આધારસ્તંભ યુવાનને ભરખી ગઇ છે. શહેરના રાજકોટ મોરબી હાઇવે પર રતનપર નજીક ચાર દિવસ પહેલા બે ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બિહારના ટ્રકચાલક યુવાનને ગંભીર ઇજા પહોંચી હતી. તેનું સારવાર દરમિયાન આજે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આ અકસ્માતમાં મુળ બિહારના અઠ્ઠાવીસ વર્ષના રોશનકુમાર રંગબહાલી પાલનું મૃત્યુ થયું છે.

વધુ માહિતી અનુસાર રોશનકુમાર નામનો આ યુવાન ચાર દિવસ પહેલા વહેલી સવારે પાંચેક વાગ્યે ટ્રક હંકારી કચ્છ તરફથી રાજકોટ તરફ આવતો હતો ત્યારે મોરબી રોડ બેડી નજીક રતનપરના પાટીયા પાસે દ્વારકાધીશ હોટેલ નજીક તેના ટ્રકનો અન્ય એક ટ્રક સાથે અકસ્માત સર્જાતાં તેને ગંભીર ઇજા પહોંચતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ સારવારને અંતે દમ તોડી દેતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, અશ્વિનભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇએ કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રોશનકુમાર ચાર ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. સંતાનમાં એક પુત્ર છે. આ યુવાન તેના પરિવારનો આધારસ્તંભ હતો.

## સિંધી કોલોનીમાં રહેતી મહિલાને દારૂના કેસમાં હાજર થવા કોર્ટનું ફરમાન




રાજકોટ મિરર, તા. ૧૨

રાજકોટ શહેર જુયુડી.મેજી.ફ.ક.(મ્યુની) એન.ટી.કારીયાની કોર્ટ રાજકોટ શહેરના ફો.કે.નં.૨૯૯૫/૨૦૨૪ મુજબના કામના આરોપી બહેન અસ્મીતાબેન હિમંતભાઇ સોલંકી ( રહે, સોંધી કોલોની મેઇન રોડ સરકારી સ્કુલ નં.૪૦ ની પાસે ઝુપડામાં રાજકોટ) વિરુદ્ધ પ્રધુમનનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૩૦૯૯૬/૨૦૧૩ પ્રોહી કલમ ૬૬(૧),(બી), ૬૫(બી)(સી) (ડી)(ઇ)(એફ) મુજબના ગુન્હો દાખલ થયો છે.

આરોપી વિરૂધ્ધમા અવાર નવાર કોર્ટ દ્રારા વોરંટ કાઢવામાં આવતું હોવા છતા તે મળી આવતી નથી અથવા વોરંટ પોતાના ઉપર બજે નહી એટલા માટે સંતાતી ફરીને મુદત તારીખે કોર્ટમાં હાજર રહેતા નથી.

જેથી કોર્ટે અસ્મિતા સામે બી.એન.એસ.એસ.કલમ ૮૪ મુજબનું જાહેરનામું પ્રસીધ્ધ કર્યું છે. આ મહિલા વિશે કોઈને ભાળ મળે કે કાંઈ વિગતો મળે તો પ્ર.નગર પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બે બહેનના એકના એક ભાઇએ ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધું

### લાતી પ્લોટનો બનાવઃ યુવાનને અગાઉ જૂગટાની આદત પડતાં દેણામાં આવી ગયાની શક્યતાઃ પરિવારમાં ગમગીની

રાજકોટઃ આત્મહત્યાની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં શહેરના મોરબી રોડ લાતી પ્લોટ-૧૧માં રહેતાં બાવીસ વર્ષના સાગર ભરતભાઇ મકવાણા નામના યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો સાગરે રૂમ બંધ કરી લેતાં પરિવારજનોને શંકા ઉપજતાં ખુબ દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ તે દરવાજો ખોલતો ન હોઇ લોકોએ ભેગા થઇ દરવાજો તોડતાં સાગર



લટકતો મળતાં સૌ અવાચક થઇ ગયા હતાં. તેને બેભાન હાલતમાં નીચે ઉતારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ ડોક્ટરે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. સાગરના પિતા ભરતભાઇ મકવાણા દિવ્યાંગ છે. તે છુટક મજૂરી કરે છે. સાગર પોતે પણ છુટક મજૂરી કરતો હતો અને બે બહેનનો એકનો એક ભાઇ હતો. પિતાએ શંકા દર્શાવી હતી કે કદાચ સાગર જૂગારમાં રૂપિયા હારી જતાં અને હાલમાં કરજમાં આવી જતાં આ પગલુ ભર્યુ હોઇ શકે છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચે જાણ કરતાં બી-ડિવીજન પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## એકલવાયુ જીવન જીવતા મૃતક પ્રોઢના વાલી વારસોને શોધતી પ્ર.નગર પોલીસ

### મૃતક અંગે કોઈની પાસે વિગત હોય તો પોલીસને જાણ કરવા અનુરોધ

રાજકોટ મિરર, તા ૧૨

શહેરના પોપટપરા વિસ્તારમાં આવેલ સેન્ટ્રલ જેલ નજીક રહેતા અને એકલવાયું જીવન જીવતા પ્રૌઢનું બે દિવસ પહેલા હાર્ટ એટેકથી મૃત્યુ થયા બાદ તેમની લાશને સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવી છે. જો કોઈ આ પ્રૌઢના વાલી વારસો હોય તો તાત્કાલિક પ્રદ્યુમન નગર પોલીસનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ બાબતે વધુ વિગતો આપતા પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.બી.વી. બોરીસાગરે ''રાજકોટ મિરર'' ને જણાવ્યું હતું કે ગત તા. ૧૦ ના રોજ

સંતોષીનગર મફતિયા પરા, પોપટપરા સેન્ટ્રલ જેલ પાસે રહેતા

દિનેશભાઇ મુળજીભાઇ ચોટાઇ



ઉ.વ. ૫૬નું તેમના ઘરે બેભાન અવસ્થામાં મૃત્યુ થયા બાદ આ અંગેની જાણ થતા પ્ર નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈને મૃતકની લાશને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી.

પીએમ કરનાર તબીબોના પ્રાથમિક અભિપ્રાય મુજબ દિનેશભાઈનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું છે. દરમિયાન પોલીસે જરૂરી કાગળો કરી ધોરણસરની કાર્યવાહી વચ્ચે મૃતકના વાલી વારસની શોધખોળ આદરી છે. મૃતકના માથા તેમજ કપાળ ઉપર લોહીના નિશાન બાબતે પીએસઆઇ ગોરીસાગરે જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ ડેડબોડી ડી કમ્પોઝ થવાના કારણે ફુલાઈ જવાથી લોહી નીકળતું હોવાનું પ્રાથમિક તારણ રજૂ થયું છે.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે

મૃતક પોતાના મકાનમાં એકલવાયું જીવન પસાર કરતા હોય અને તેના વાલી વારસ બાબતે કોઇ જાણતા હોય તો પ્રદ્યુમન નગર પો.સ્ટે. ના પીએસઆઇ બી.વી.બોરીસાગરનો મો.નં ૮૧૨૮૨૪૮૩૭૩ અથવા ૦૨૮૧- ૨૪૪૬૦૫૫ ઉપર સંપર્ક કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખેરડી પાસે ૧૬૮ દારુની બોટલ ભરેલી કાર ઝડપાઈ

### PCBએ રૂ.૧.૧૪ લાખનો મુદ્દામાલ કર્યો જપ્તઃ દિપક મકવાણાની શોધખોળ

રાજકોટ મિરર તા.૧૨

શહેરના ખરેડી ગામ પાસે પી.સી.બી.ના સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડતા રૂા.૧.૧૪ લાખના વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર કબ્જે કરી બુટલેગરની શોધખોળ હાથધરી છે.

પ્રાપ્ત વગત મુજબ શહેરના ખરેડી ગામ પાસે વિદેશી દારૂ ભરેલી એક કાર પસાર થવાની હોય તેવી બાતમી પીસીબીના હેડકોન્સ. કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા અને યુવરાજસિંહ રાણાને મળતા સ્ટાફ સાથે ખરેડી ગામ પાસે દરોડો પાડી જીજે.૩.પી.એ. ૬૨૦૧ નંબરની કારમાં તપાસ કરતા તેમાંથી દારૂની ૧૬૮ બોટલ મળી હતી આ સાથે પોલીસે દારૂનો જથ્થો અને કાર સહીત રૂ.૧૧,૧૪,૧૫૬નો મુદ્દામાલ કબ્જે કરી માજોઠીનગર, દુધસાગર રોડ પર રહેતા બુટલેગર દિપક વલ્લભભાઇ મકવાણા શોધખોળ આદરી છે.

આ કામગીરી પી.સી.બી.ના ઇન્ચાર્જ પી.આઇ. એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. એમ.જે. હુણ, પી.બી. ત્રાજીયા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગોસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ.યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાઠા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.



## ભાયાવદરના જુના-કેરાળા ગામ માંથી વિદેશી દારૂની ૫,૯૩૦ બોટલ કબજે

### રૂ.૧૪.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરતી LCBરાજકોટ ગ્રામ્ય

રાજકોટ,તા.૧૨

શહેરના ભાયાવદરના જુના-કેરાળા ગામ પાસે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડતા રૂ.૧૪.૩૫ લાખનો વિદેશી દારૂનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી બુટલેગરની શોધખોળ હાથધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના હેડ. કોન્સ. શક્તિસિંહ જાડેજા, અરવિંદ સિંહ જાડેજા અને કૌશિકભાઈ જોશીને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે ભાયાવદર ના જુના ઘેરાના ગામ પાસે રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમી ભરતી પોલીસે દરોડો પાડતા દારૂની ૫,૯૩૦ બોટલ મળી આવી હતી આ સાથે પોલીસે દારૂની બોટલ સાથે અશોક લેલન વાહન જેના રજી નંબર જીજે ૧૨ બિટી ૩૮૮૩ , મોબાઈલ , જિઓ કંપનીનું રાઉટર સહિત કુલ રૂપિયા રૂ.૧૭.૮૭ લાખનો મુદ્દામાલ કબજે કરી આજે ડેમ ચોકડી પાસે રહેતો હાર્દિક અશોકભાઈ જોગરાજીયા, ધવલ રસિકભાઈ સાવલિયા સહિત ટ્રક ચાલક ની શોધખોળ હાથ ધરી છે.

આદરોડામાં કામગીરી કરનાર એલસીબી રાજકોટ ગ્રામ્ય પોલીસ ઈન્સ્પેક્ટર વી. વી આડોદરા, પો. સબ. ઈન્સ એચ.સી.ગોહિલ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડદોકિયા, હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજા, અરવિંદ સિંહ જાડેજા, કૌશિકભાઈ જોશી, દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર, પોલીસ કોન્સ્ટેબલ અબ્દુલભાઈ શેખ. દ્વારા કરવામાં આવી હતી.

### અવસાન નોંધ

**રાજકોટ :** મૂળ રીબડા હાલ રાજકોટ નિવાસી દુષ્યંતસિંહ ભીમસિંહ જાડેજા તે રાજેન્દ્રસિંહના નાનાભાઈ, ગોપાલસિંહ જાડેજાના પિતા, છત્રપાલસિંહ, હરપાલસિંહ, પ્રતિપાલસિંહ અને મેઘરાજસિંહના કાકાનું તા. ૧૨ ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૧૪ ને શુક્રવારે, સાંજે ૪ થી ૬, તેમના નિવાસ્થાન, ધૈર્ય નિવાસ, ૧૨ લક્ષ્મીવાડી મેઇન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

### મવડી રોડ ફાયર બ્રિગેડ પાછળ બેંકમાંથી વૃધ્ધે કર્મચારીને પીન જનરેટ કરવા મદદે બોલાવ્યોઃ પણ કર્મચારી ફોન પર વાત કરવાની ઉતાવળમાં વૃધ્ધને મુકીને જતો રહ્યો

# બેંક કર્મચારીની ઉતાવળને લીધે ગઠીયાને મળી તક : વૃધ્ધ છેતરાયા

### અગાઉથી જ એટીએમમાં ઉભેલા શખ્સે મદદના બહાને કાર્ડ બદલી એકત્રીસ હજારની રોકડ ઉઠાવી લીધીઃ ફૂટેજને આધારે ગઠીયાને શોધતી માલવીયાનગર પોલીસ

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર ગઠીયાઓ લોકોને ખાસ કરીને વૃધ્ધો કે મહિલાઓને એટીએમ મશીનમાંથી પૈસા ઉપાડી આપવામાં કે પીન નંબર બદલી દેવામાં મદદ કરવાના બહાને કાર્ડ બદલાવી રોકડ ઉપાડી લઇ ઠગાઇ કરતાં હોય છે. આ પ્રકારની ઠગાઇમાં માહેર પરપ્રાંતીય શખ્સને અગાઉ પણ પોલીસે અનેક વખત પકડ્યો હતો. જો કે હવે નવો એક ગઠીયો કળા કરી ગયો હોય કે પછી અગાઉવાળો જ ગઠીયો ફરી છેતરપીંડી કરી ગયો હોય તેમ વધુ એક વૃધ્ધને એટીએમમાં નવા કાર્ડમાં પીન જનરેટ કરવાનું શીખવવાના બહાને છેતરીને તેના એકત્રીસ હજાર ઉપાડી લીધા હતાં. સીસીટીવી ફૂટેજને આધારે ગઠીયાને શોધી કાઢવા ટીમ કામે લાગી છે. જો કે આ બનાવમાં બેંક કર્મચારીની ઉતાવળ પણ ગઠીયાને તક આપી ગઇ હતી તેવું બન્યું હતુ.

વિગતો પર નજર કરીએ તો એક ગઠીયાએ એટીએમ સેન્ટરોમાં કાર્ડ બદલી વૃધ્ધના બેંક ખાતામાંથી એકત્રીસ હજાર ઉપાડી લઇ ઠગાઇ કરતાં ફરિયાદ થઇ છે. મવડી રોડ અલ્કા સોસાયટીમાં આવેલી એસબીઆઇ બેંક બહાર એટીએમમાં આ બનાવ બન્યો હતો. વૃધ્ધે પીન જનરેટ કરવા બેંક કર્મચારીની મદદ લીધી હતી, પણ આ કર્મચારી ફોન આવતાં વાત કરતો કરતો બહાર નીકળી જતાં અંદર



અગાઉથી જ એક શખ્સ ઉભો હોઇ વૃધ્ધે તેની મદદ લીધી હતી. આ શખ્સ ઠગ નીકળ્યો હતો. ઠગાઇના આ બનાવમાં માલવીયાનગર પોલીસેકૃષ્ણનગર મેઇન રોડ આરએમસી બગીચા પાસે કૃષ્ણનગર-૧/૬ના ખુણે તુલજાભવાની કૃપા નામના મકાનમાં રહેતાં અને વિનૃત જીવન જીવતાં નેશનલ હાઇવે ડિવીઝનના નિવૃત કર્મચારી ત્રેસઠ વર્ષના વિજયભાઇ લક્ષ્મીશંકર દવેની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ આદરી છે.

એટીએમ સેન્ટરમાં ગઠીયાના હાથે છેતરાઇ ગયેલા વૃધ્ધ વિજયભાઇ દવેએ જણાવ્યું છે કે મને તા. ૧૦/૨/૨૫ના રોજ પોસ્ટ મારફત એસબીઆઇ તરફથી નવું એટીએમ કાર્ડ આવ્યું હતું. જેનો પીન જનરેટ કરવાનો હોઇ મંગળવારે બપોરે બારેક વાગ્યે હું મવડી ફાયર બ્રિગેડ પાસે અલ્કા સોસાયટીમાં આવેલા એસબીઆઇ બેંક ખાતે ગયો હતો. જ્યાં બેંકમાં મેં કહેલુ કે મને નવા એટીએમમાં પીન જનરેટ કરતાં આવડતું નથી, મારી મદદ માટે કોઇ આવો. જેથી ત્યાં હાજર એક કર્મચારી મારી સાથે એટીએમ રૂમમાં આવ્યો હતો. પરંતુ આ કર્મચારીને અચાનક ફોન આવતાં તે વાત કરતાં કરતાં બહાર નીકળી ગયો હતો. આ વખતે એટીએમમાં અગાઉથી જ એક આશરે ૩૦ થી ૩૫ વર્ષનો શખ્સ ઉભો હોઇ મેં તેને નવા એટીએમમાં પીન જનરેટ કરતાં શીખવવાનું કહેતાં તેણે લાવો તમારુ કાર્ડ આપો હું તમને પીન જનરેટ કરી આપું તેમ કહેતાં મેં તેને એટીએમ કાર્ડ આપી દીધુ હતું.

ત્યારબાદ એ શખ્સે મશીનમાં મારા કાર્ડથી પ્રોસીઝર કરી પીન જનરેટ કરી આપ્યો હતો અને મારા ફોનમાં ઓટીપી આવતાંમેં તેને ઓટીપી દેખાડ્યો હતો. આ પછી એ શખ્સ ત્યાંથી નીકળી ગયો હતો. એ પછી મને જે એટીએમ કાર્ડ એ શખ્સે આપ્યું હતું તે મેં મશીનમાં નાંખતા પ્રોસેસ ન થતાં તુરત જ હું ફરી બેંકમાં ગયો હતો. આ વખતે જ મારા કાર્ડમાંથી રૂા. નવ હજાર વીડ્રોનો મેસેજ આવ્યો હતો. આટલી જ રકમના બીજા બે વીડ્રોના મેસેજ આવ્યા હતાં અને છેલ્લે ચાર હજાર ઉપડી ગયાનો મેસેજ આવ્યો હતો. આ રીતે કુલ ૩૧ હજાર મારા ખાતામાંથી ઉપડી ગયા હતાં. મેં બેંકમાં તપાસ કરાવતાં ખબર પડી હતી કે પીન જનરેટના નામે એ શખ્સ મારુ કાર્ડ બદલી મને ભળતું કાર્ડ આપી મારા જ કાર્ડનો ઉપયોગ કરી પૈસા ઉપાડી ગયો હતો.

આ પછી મેં તરત જ માલવીયાનગર પોલીસ સ્ટેશને જઇ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં વિજયભાઇ દવેએ જણાવતાં માલવીયાનગર પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં હેડકોન્સ. એ. વી. ચાવડાએ ગુનો નોંધતાં આગળની તપાસ પીએસઆઇ આર. આર. કોઠીયાએ હાથ ધરી છે. આ ઘટનામાં ગઠીયો સીસીટીવી કેમેરામાં આવી ગયો હોવાની આશાએ પોલીસ ફૂટેજ ફંફોળી ગઠીયા સુધી પહોંચવા કામે લાગી છે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારના ગુના આચરતો એક ગઠીયો અગાઉ પણ અનેક વખત પકડાયો હતો. આ ગુનામાં કોણ સામેલ છે? તેની તપાસ થઇ રહી છે.

### પ્રેમના પર્વ વેલેન્ટાઇન વીકની એક તરફ ઉજવણી, બીજી તરફ લોહીયાળ બની એક પ્રેમકહાની

# ક્રોધિત પ્રેમીનો પ્રેમિકાને છરીના ઘા ઝીંકી મરી જવાનો પ્રયાસ

## નવાગામ રંગીલા સોસાયટીના પાંત્રીસ વર્ષના સંજય મકવાણાને હુડકો ચોકડી પાસે રહેતી ત્રેવીસ વર્ષની ભારતી સંથારીયા સાથે એક દસકાથી પ્રેમ છેઃ હવે પ્રેમિકાની સગાઇ બીજે નક્કી થતાં લોહીનો ખેલ ખેલ્યોઃ પ્રેમિકાને પાંચેક ઘા મારી પોતાના પેટમાં ત્રણેક ઘા ઝીંકી લીધાં

રાજકોટઃ પ્રેમ...આ નામ સાંભળતા જ યુવાનો, યુવતિઓ અને ટીનેજર્સમાં કંઇક અલગ જ પ્રકારની સંવેદનાના અંકુરણ ફુટવા માંડે છે. પ્રેમ અને પ્રેમની કહાનીનો યુગો યુગોથી ચાલી આવે છે. પરંતુ બધા પ્રેમીઓ પ્રેમને નિભાવી શકતા નથી. બધાને પ્રેમ જો કે ફળતો પણ નથી. અનેક વખત એવુ થાય છે કે કોઇને કોઇ કારણોસર વાત વણસી જાય પછી પ્રેમકહાનીની ગાડી પાટા પરથી ખડી જાય છે. ઘણીવાર પ્રેમમાં લોહી પણ રેડાય છે. આવી જ એક ઘટના પ્રેમના પર્વ વેલેન્ટાઇન વીકમાં સામે આવી છે. જેમાં જંગલેશ્વરમાં મચ્છી વેંચી રહેલી યુવતિ પર નવાગામથી આવેલો તેનો પ્રેમી છરીથી તૂટી પડ્યો હતો અને આડેધડ ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પોતાના પેટમાં પણ ઘા મારી આપઘાતનો પ્રયાસ કરતાં બંનેને હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પ્રેમિકાની સગાઇ બીજે નક્કી થઇ જતાં વીફરેલા પ્રેમીએ આ લોહીયાળ ખેલ ખેલ્યો હતો.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ સાત હનુમાન પાસે રંગીલા સોસાયટીમાં રહેતાં પાંત્રીસ વર્ષના યુવાનને કોઠારીયા રોડ હુડકો ચોકડી નજીક રહેતી અને જંગલેશ્વરમાં મચ્છી વેંચતી ત્રેવીસ વર્ષની યુવતિ સાથે દસેક વર્ષથી પ્રેમ હતો પરંતુ હવે પ્રેમિકાની સગાઇ બીજા યુવાન સાથે નક્કી થઇ જતાં તેને ન ગમતાં સવારે પ્રેમિકા જંગલેશ્વરના હુશેની ચોકમાં પોતાની મોટી બહેન સાથે મચ્છી વેંચવા બેઠી હતી ત્યાં જઇને તેણીને પેટ, છાતી, હાથ, પગમાં છરીના પાંચેક ઘા મારી દીધા બાદ પોતાના પેટમાં પણ ત્રણેક ઘા ભોંકી દેતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પોલીસે હત્યાની કોશિષ કરી આપઘાતના પ્રયાસનો ગુનો નોંધવા કાર્યવાહી કરી હતી. વધુ વિગતો જોઇએ તો શહેરના હુડકોમાં રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં-૧૨માં રહેતી ત્રેવીસ વર્ષની ભારતી અશોકભાઈ સાંથરીયા નામની યુવતિ સવારે સવા અગિયારેક વાગ્યે જંગલેશ્વરના હુશેની ચોકમાં પોતાની બહેન રેખાબેન સાથે મચ્છી વેંચવા બેઠી હતી.

આ વખતે અચાનક જ નવાગામ સાત હનુમાન પાસે રંગીલા સોસાયટીમાં રહેતો તેનો પ્રેમી પાંત્રીસ વર્ષનો સંજય વિનોદભાઇ મકવાણા છરી સાથે ધસી આવ્યો હતો અને ભારતી કંઇ સમજે એ પહેલા તેના પર તૂટી પડી આડેધડ ઘા મારી દેતાં તેણીને હાથ, પગ, છાતી, પેટમાં ઘા લાગી જતાં લોહીલુહાણ થઇ ઢળી પડી હતી. બનાવને પગલે દેકારો મચી જતાં લોકો ભેગા થઇ ગયા હતાં. લોકો હુમલાખોર સંજયને પકડે





એ પહેલા તેણે પોતાના પેટમાં પણ ત્રણેક છરીના ઘા ઝીંકી દીધા હતાં. તે પણ પડી જતાં કોઇએ ૧૦૮ બોલાવતાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચે ભક્તિનગર પોલીસને જાણ કરતાં અધિકારીઓએ હોસ્પિટલે પહોંચી હુમલામાં ગંભીર ઇજા પામનાર ભારતીના બહેનની ફરિયાદ આધારે સંજય મકવાણા વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી હતી. તપાસમાં ખુલ્યા મુજબ પ્રેમીના હુમલામાં ઘાયલ ભારતી ચાર બહેન અને એક ભાઇમાં નાની છે અને જંગલેશ્વર હુશેની ચોકમાં મચ્છીનો થડો રાખી ધંધો કરે છે. જ્યારે હુમલો કરનારા સંજય બે ભાઇમાં નાનો છે અને છુટક મજૂરી કરે છે. ભારતી અને સંજય વચ્ચે છેલ્લા દસેક વર્ષથી પ્રેમસંબંધ છે. દરમિયાન અઠવાડીયા પહેલા જ ભારતીની સગાઇ માંગરોળના યુવાન સાથે નક્કી થઇ જતાં આ વાતની પ્રેમી સંજયને ખબર પડતાં તે રોષે ભરાયો હતો.

આ પછી પ્રેમી સંજય પ્રેમિકા ભારતીને સગાઇ ન કરવા ધમકી આપવાનું ચાલુ કરી તેની પાસેથી તેણીની સગાઇ જ્યાં નક્કી થઇ એ યુવકના નંબર લઇ તેને પણ ધમકાવવાનું ચાલુ કર્યુ હતું. આ કારણે ત્રણેક દિવસ પહેલા જ સંજય વિરૂધ્ધ ફરિયાદ કરતાં પોલીસે અટકાયતી પગલા લઇ કાર્યવાહી કરી હતી. દરમિયાન આજે તે પ્રેમિકાને મારી નાખવાના ઇરાદા સાથે જંગલેશ્વરના હુશેની ચોકમાં પ્રેમિકા ભારતીના મચ્છીના થડે પહોંચ્યો હતો અને આડેધડ છરીના ઘા ઝીંકી દીધા હતાં. બાદમાં પોતાના પેટમાં પણ ત્રણેક ઘા મારી દઇ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. હુમલામાં ઘાયલ યુવતિ ગંભીર છે અને આપઘાતનો પ્રયાસ કરનાર પ્રેમીને પણ ગંભીર ઇજા પહોંચી છે. હાલમાં વેલેન્ટાઇન વીકની એટલે કે પ્રેમના પર્વની ઉજવણી પ્રેમીઓ કરી રહ્યા છે. આ વચ્ચે જ પ્રેમકહાનીનો લોહીયાળ અંજામ આવ્યો છે.

## પત્નિ રિસામણે છેઃ ઝેર પી બહેનને જાણ કરતાં હોસ્પિટલમાં ખસેડાયો

રાજકોટઃ અલગ અલગ કારણોસર આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરવાની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. વધુ એક કિસ્સામાં એક યુવાને ઝેર પી લેતાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. રેલનગર છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતાં ત્રીસ વર્ષના નિતીનભાઇ તુલસીભાઇ પરમાર નામના યુવાને શારદાબાગ નજીક ઝેરી દવા પી લીધી હતી. દવા પી પોતાના બહેનને ફોન કરતાં તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો નિતીનભાઇએ આ પગલુ ભરી લીધા બાદ પોતાના બહેનને પોતે શારદાબાગ નજીક ઝેરી દવા પી ગયો છે તેવી જાણ કરતાં બહેન સહિતનાએ તુરત પહોંચી તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. નિતીનભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટો છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. સગાના કહેવા મુજબ તે રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. બે વર્ષથી તેની પત્નિ મોરબી રિસામણે છે. નિતીનભાઇ બેભાન હોઇ તેણે આ પગલુ શા માટે ભર્યુ? તે જાણી શકાયું નથી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, અશ્વિનભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇએ પ્ર.નગર પોલીસમાં નોંધ કરાવતાં પોલીસ તે ભાનમાં આવે તેની રાહ જોઇ રહી છે.

## બિમારીથી ત્રાસેલા વૃધ્ધે જુની સાડીઓ સળગાવી, તેનાથી પોતે દાઝ્યા

### કોઠારીયાની રાધેશ્યામ સોસાયટીનો બનાવઃ સારવાર હેઠળ

રાજકોટઃ વૃધ્ધ કે વૃધ્ધાઓ ઘણીવાર બીમારીઓથી ત્રાસી જઇ ન કરવાનું કરતાં હોય છે. કોઠારીયા રોડ બ્રહ્માણી હોલ પાછળ રાધેશ્યામ સોસાયટી-૯માં રહેતાં એંસી વર્ષના મણીબેન કુરજીભાઇ સખીયા નામના વૃધ્ધાએ રાતે સવા બે વાગ્યા આસપાસ અગાસી પર જઇ જુની સાડીઓનો ઢગલો કરી સળગાવ્યા બાદ સળગતી સાડી પોતાના હાથ, પગ, શરીરને અડાડતાં દાઝી ગયા હતાં.

વધુ વિગતો જોઇએ તો મોડી રાતે એકાએક વૃધ્ધા મણીબેનની ચીસો સંભળતા પરિવારજનોએ જાગીને જોતાં તેઓ રૂમમાં ન હોઇ અગાસીએ તપાસ કરતાં ત્યાં તેઓ દાઝી ગયેલી હાલતમાં મળતાં પરિવારજનો ચોંકી ગયા હતાં. તેમણે જુની સાડીઓ ભેગી કરી તે સળગાવીને સળગતી સાડી પોતાના શરીરને અડાડીને પોતાની જાતને દઝાડી લીધાનું જણાતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. સ્વજને કહ્યું હતું કે મણીમાને માનસિક તકલીફ છે અને દવા પણ ચાલુ છે. બિમારીથી કંટાળીને આ પગલુ ભર્યુ હતું. તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. પુત્ર ખેતી કરી ગુજરાન ચલાવે છે. આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

## રાજકોટના લીસ્ટેડ બુટલેગરે ચંદીગઢથી મંગાવેલો ૨૭.૮૪ લાખનો દારૂ જસદણમાંથી પકડાયો

### દારૂ, ટ્રક, મોબાઈલ મળી ૫૩, ૩૩, ૪૧૬ ના મુદ્દામાલ સાથે ૨ની ધરપકડ : ૪ની શોધખોળ

રાજકોટ મીરર, તા.૧૨

રાજકોટના લિસ્ટેડ બુટલેગરે મંગાવેલ દારૂની ૧૩૦૮૧ બોટલ ભરેલા ટ્રકને આજે સ્ટેટ મોનિટરિંગસેલની ટીમે જસદણમાંથી બે શખ્સો સાથે ઝડપી લીધો હતો. પોલીસે દરોડા દરમિયાન રૂ. ૨૭,૮૪,૪૬૬ની ૧૩૦૮૧ બોટલ દારૂ, ટ્રક, મોબાઈલ મળી રૂ.૫૩,૩૩,૪૧૬નો મુદ્દામાલ કબ્જે લઈને તપાસનો ધમધમાટ શરૂ કરી, દારૂ મંગાવનાર રાજકોટના બંને ભાઈઓ તેમનો નોકર તેમજ દારૂ મોકલનાર એમ ચાર શખ્સોની શોધખોળ આદરી છે.



પ્રાપ્ત વિગતો મુજબ સ્ટેટ મોનિટરીંગની ટીમ આજે સૌરાષ્ટ્રના શહેરોમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે બાતમીના આધારે જસદણ પહોંચીને એક ટ્રકને રોકી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૩૦૮૧બોટલ મળી આવી હતી.

આ સમયે ટ્રક ચાલક અને અન્ય એક શખ્સ એમ બંનેની આકરી પૂછપરછ કરતા દારૂનો આ જથ્થો રાજકોટના લિસ્ટેડ બુટલેગરે મંગાવ્યાનું બહાર આવ્યું હતું.

જુના બસ સ્ટોપથી બાયપાસ રોડ, ગેબનશા સોસાયટી પાસે, જસદણમાં સ્ટેટ મોનીટરીંગ સેલે પાડેલા દરોડા દરમિયાન એવી વિગતો બહાર આવી હતી કે, રાજકોટના લીસ્ટેડ બુટલેગર ધવલ સાવલિયા અને તેમના ભાઈ જય સાવલિયાએ આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. આ ગુનામાં રાજકોટના હાર્દિક જોગરાજીયા કે જે ધવલનો નોકર છે તેમનું અને ચંદીગઢ થી દારૂ મોકલનાર શખ્સ મળે ચાર શખ્સોની પોલીસે શોધખોળ આદરી છે.

થલતુ ગામના તા. બગશર, જિ. મંડી, હિમાચલ પ્રદેશના પવન કુમાર દુર્ગાનંદ શર્મા અને સુરેન્દ્રનગરના રહેવાસી બકુલ દિનેશભાઈ નંદેશલીયા (વઢવાણ)ની ધરપકડ કરી છે. સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઇ એસ. વી. ગલચરના જણાવ્યા મુજબ પોલીસે મરોડા સમયે ₹૯૫૦ રોકડ ૧૦ લાખ ની કિંમતનો ટ્રક ૧૦૦૦૦ નો મોબાઇલ, ૨૭ લાખ ૮૪ હજાર ૪૬૬ની ૧૩૮૧ દારૂની બોટલ, ૧૫,૩૮,૦૦૦ ના દારૂના ૫૭૩ બોક્સ મળે રૂપિયા ૫૩ લાખ ૩૩,૦૦૦ ૪૧૬ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરીને ધોરણ સર ની કાર્યવાહી વચ્ચે જસદણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વીરડા વાજડીમાં રહેતા હીનાબેન સોલંકીનો ઘરે ગળા ફાંસો ખાઇ આપઘાત

### પરિવારજનો ઘરે આવતા પરિણીતાને લટકતી હાલતમાં જોતા અરેરાટી મચી ગઈ



રાજકોટ મિરર તા.

રજકોટ શહેરના વીરડા વાજડી ગામમાં રહેતી હીના ભીખાભાઇ સોલંકી (ઉ.વ. ૨૫) પોતાના ઘરે ગળા ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. તેમના પરિવારે જણાવ્યું હતું કે ઘરે કોઈ હાજર ના હતું ત્યારે આ પગલુ ભર્યું. ઘરે આવતા હીનાને લટકતી હાલતમાં જોઇ અરેરાટી વ્યાપી જતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા. ત્યારબાદ કોઈએ ૧૦૮ને જાણ કરતા ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા પરિણીતાનું મોત થયું હોવાનું જાણ થતા યુની. પોલીસનો સ્ટાફ ઘટના સ્થળ પર પહોચી તપાસ હાથ ધરી છે.

## રૂખડીયાપરામાં પોલીસ પરના હુમલામાં ચાર સગીર સહિત પાંચ પકડાયા

### પ્ર.નગર પોલીસે કુલ દસ આરોપીઓને પકડી પાડ્યા

### ભીસ્તીવાડનો કુખ્યાત માજીદ ઉર્ફે ભાણુ સહિત બેની શોધખોળ

રાજકોટ મિરર તા ૧૨

શહેરના રૂખડિયાપરા વિસ્તારમાં મહિલાના ઘર પર સોડા બોટલોના ઘા કર્યા બાદ આરોપીને પકડવા પ્ર.નગરના બે પોલીસમેન સાંઢીયા પુલ નજીક સ્લમ કવાર્ટર પાસે માજીદ ઉર્ફે ભાણુ તથા તેની ટોળકીઓ એ પોલીસ પર પપથ્થર મારો કરી વાહનમાં તોડફોડ કરી હતી. ત્યારબાદ પોલીસે ૫ શખ્શો ને ઝડપી પાડી લીધા હતા. વધુ બીજા ૫ શખ્શો ને પકડી પાડ્યા છે. અને નામચીન કુખ્યાત માજીત ભાણું સહીત ૨ શખ્શો પોલીસને હાથ લાગ્યા નથી.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના રૂખડિયાપરા વિસ્તારમાં રહેતા ફરીદાબેન જુસબભાઈ શેખના ઘર પર મોડી રાત્રિના બજરંગવાડીમાં રહેતા માજીદ ઉર્ફે ભાણુ તથા તેની ટોળકીએ મળી સોડા બોટલના ઘા કર્યા હતા. આ બનાવને લઇ રાત્રિના પ્ર.નગર પોલીસ મથકના કોન્સ્ટેબલ રિયાઝભાઈ અને મયુરરાજસિંહ જાડેજા જામનગર રોડ પર સાંઢીયા પુલ સ્લમ કવાર્ટર પાસે કમિટિ ચોકે પહોંચ્યા હતા. ત્યાં માજીદ તથા તેની ટોળકીના ૧૦ થી ૧૨ શખ્શો ઊભા હતા.જેમાં કેટલાકના હાથમાં ધોકા હોય તેમણે પોલીસ સાથે ઝપાઝપી કરી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા બંને પોલીસમેન અહીંથી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ તેમણે પોલીસમેનના વાહનોમાં તોડફોડ કરી હતી.

આ ગંભીર ઘટનાને લઇ પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ વી.આર.વસાવાની રાહબરી હેઠળ ટીમે તપાસનો ધમધમાટ શરૂ કરી આ હુમલા પ્રકરણમાં આગાઉ સીમર ઉર્ફે ધમો બસીરભાઇ શેખ, સાવન ઉર્ફે લાલી સંજયભાઇ વાઘેલા અને અશરફ શિવાણી સહિત ચાર આરોપીઓને ઝડપી લીધા હતા.દરમિયાન પીએસઆઇ આઇ.એ.બેલીમ તથા ટીમે આ પ્રકરણમાં ફરાર વધુ એક આરોપી પરસાણાનગર ૬/૭ના ખૂણે રહેતો અતીક દોષમામદભાઇ આમરોલીયા ને ઝડપી પાડ્યો હતો.પોલીસે જણાવ્યું હતું.ઘટના બન્યા બાદ આરોપી જામનગર નાસી ગયો હતો અને છુપાઇને રહેતો હતો.

આ બનાવમાં પોલીસે જંગલેશ્વરના સુલેમાન નિઝામભાઇ દલ ઉ.વ.૨૦ તથા ચાર સગીર સહિત વધુ પાંચને ઝડપી લીધા હતા. આ ગુનામાં કુલ દસ આરોપીઓને ઝડપી લીધા છે. જયારે મુખ્ય સૂત્રધાર માજીદ ઉર્ફે ભાણુ સહિતના અન્ય સાત આરોપીઓને ઝડપી લેવા તપાસ યથાવત રાખી છે.

### ન જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું! દર મહિને એક પ્રૌઢ દર્શને જતાં, પહેલી જ વખત મિત્ર જોડાયાઃ બંનેનો સાથે જીવ ગયો

# બે ભેરૂબંધ પૂનમ ભરવા નીકળ્યા પણ પહોંચ્યા પરલોક

## ગોંડલથી ભાડલા ગેલમાતાના દર્શને જઇ રહ્યા હતાં ત્યારે કોટડાસાંગાણી અને ભાડવા વચ્ચે કારનો ચાલક મોટરસાઇકલને ઠોકરે લઇ ભાગી ગયોઃ બંનેના રાજકોટમાં મૃત્યુ

રાજકોટઃ દર મહિનાની પૂનમે અનેક ભાવીકો પોતે જેમનામાં શ્રધ્ધા ધરાવતાં હોય તે દેવી દેવતા કુળદેવી કે બીજા ધાર્મિક સ્થાનકોએ પૂનમ ભરવા એટલે કે દર્શન કરવા જતાં હોય છે. દરમિયાન ગોંડલના બે મિત્રો પૂનમ ભરવા જતાં હોઇ કોટડા સાંગાણી અને ભાડવા વચ્ચેના રસ્તા પર હિટ એન્ડ રનની ઘટના બનતાં બંનેના ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયા હતાં. આ બંને પૂનમ ભરવા માટે ભાડલા ગામે શ્રીગેલમાતાજીના મંદિર તરફ જતાં હતાં ત્યારે રસ્તામાં તેમના મોટરસાઇકલને કોઇ કારનો ચાલક ઉલાળીને ભાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ગોંડલમાં મોવૈયા રોડ પર સાગર સિમેન્ટ નજીક રહેતાં પચાસ વર્ષના બાલાભાઇ બીજલભાઇ સાકરીયા અને તેમના મિત્ર પડોશમાં જ આલ્ફા કારખાના નજીક રહેતાં બાવન વર્ષના ભુપતભાઇ પ્રાગજીભાઇ કુમારખાણીયાને મોટરસાઇકલમાં બેસાડીને ભાડલા ગામે જઇ રહ્યા હતાં ત્યારે કોટડા સાંગાણી અને ભાડવા વચ્ચેના રસ્તા પર પહોંચ્યા ત્યારે અજાણી કારનો ચાલક મોટરસાઇકલન ઠોકરે ચડાવીને ભાગી જતાં બંને મિત્રોને ગંભીર ઇજા થતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર કારગત ન નીવડતાં બંનેના મૃત્યુ થયા હતાં.

હોસ્પિટલમાં એક પછી એક બંને મિત્રોએ દમ તોડી દેતાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર બાલાભાઇ ચાર ભાઇમાં ત્રીજા નંબરે હતાં અને મજુરી કામ કરતાં હતાં.

સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જ્યારે





તેમની સાથે મોતને ભેટેલા પ્રાગજીભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં અને મજુરી કામ કરતાં હતાં. તેમને સંતાનમાં બે પુત્ર છે. બાલાભાઇ ભાડલા ગામે શ્રીગેલમાના મંદિરે દર મહિને પૂનમ ભરવા જતાં હતાં.

વધુ માહિતી અનુસાર દર પૂનમે બાલાભાઇ એકલા જ દર્શન કરવા જતાં હતાં. આ વખતે કાળ જાણે બોલાવતો હોય એમ મિત્ર ભુપતભાઇ પણ સાથે જોડાયા હતાં. કરૂણ બનાવમાં બંને મિત્રોના મોત નિપજતાં પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. બનાવને પગલે હોસ્પિટલે મોટી સંખ્યામાં બંને હતભાગી મિત્રોના સગા સંબંધીઓ, મિત્રો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં.

# કુવાડવાનો બ્રિજ સાત વર્ષે પણ અધ્ધરતાલ

## જવાબદારીની ફેકાફેકી

નવા ટેન્ડરમાં વધુ ભાવ આવતા ફાઈલ નાણા વિભાગમાં





**રાજકોટ તરફના પાંચ સ્પાનના બ્રિજનું છેલ્લે પ્રસિદ્ધ કરાયું હતું ટેન્ડર સાત વર્ષનો માતબર સમય વીત્યો છતાં કોઈના પેટનુ પાણી પણ હલતું નથી**

### સાત હનુમાન પાસે બનનાર બ્રિજ મે માસ સુધીમાં શરૂ થઈ જશે

**વરાહ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સાત હનુમાન પાસે જે બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે તે પણ નિર્ધારિત સમય કરતા વધુ સમય લીધો છે પરંતુ હાઈવે ઓથોરિટીના ઈજનેરના જણાવ્યા અનુસાર આ બ્રિજ એપ્રિલના અંત અથવા તો મે માસના શરૂઆતમાં જ પૂર્ણ થઈ જશે અને રાહદારીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે. હાલ સર્વિસ રોડ શરૂ થઈ ચૂક્યા છે અને બ્રિજનું આશરે ૬૦ થી ૬૫ ટકા કામ પણ પૂરું થઈ ગયું છે. આ અંગે પણ તેઓએ જણાવ્યું હતું કે જે એજન્સીને કામ મળ્યું છે તેના દ્વારા ખૂબ ધીમી ગતિએ કામ કરવામાં આવ્યું છે ત્યારે તેમને હવે પેનલ્ટી ફટકારવામાં આવશે કે કેમ તે તો હવે જોવાનું રહ્યું.**

રાજકોટ, તા. ૧૨

કેન્દ્રીય બજેટ હોય કે રાજ્ય સરકારનું બજેટ સરકાર મહત્તમ જે ભાર છે તે માળખાગત સુવિધાઓ પર મૂકી રહ્યું છે સરકારનું માનવું છે કે જેટલી માળખાગત સુવિધા વિકસાવવામાં આવશે તેટલો જ શહેર અને રાજ્યનો વિકાસ થશે. હાલ રોડ પરિવહન લોકોને સૌથી વધુ પરવડે તેવું છે જેના માટે હાઈવેને પણ ખૂબ સારી રીતે વિકસિત કરવામાં આવી રહ્યા છે એટલું જ નહીં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે બ્રીજો પણ બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ રાજકોટની વાત કરવામાં આવે તો રાજકોટ અમદાવાદ રોડ પર આવેલા કુવાડવા ગામ ખાતે જે બ્રિજ બની રહ્યો છે તેનું કામ વર્ષ ૨૦૧૮માં શરૂ થયું હતું અને આજે ૨૦૨૫ ચાલી રહ્યું છે એટલે કુલ સાત વર્ષ થયા પરંતુ આ બ્રિજનું કામ હજુ પૂર્ણ થયું નથી અને તેને લઈને સ્થાનિક લોકોમાં ઘણો રોષ વ્યાપી ઉઠ્યો છે.

એક તરફ સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ પ્રાધાન્ય આપવા માટે અનેકવિધ વિકાસની યોજનાઓ નું ઘડતર કરે છે ત્યારે કુવાડવા ગામ ખાતે જે ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે તેનું કામ અનેકવિધ કારણોસર ખોરંભે ચડ્યું છે. અને અંતે યાત્રિકોને જ ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

હાલની સાંપ્રત પરિસ્થિતિ અંગે જો વાત કરવામાં આવે તો ચોટીલા થી રાજકોટના તમામ પુલનું કામ પૂર્ણ થઈ ગયું છે માત્ર કુવાડવા ગામમાં એ પુલનું નિર્માણ થઈ રહ્યું છે તે જાણી કેમ પરું થતું ન હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે. માત્ર કુવાડવા ગામનું જ નહીં પરંતુ સાત હનુમાન પાસે જે બ્રિજ બની રહ્યો છે તેનું કામ પણ હજુ સુધી પૂર્ણ થયું નથી ક્યાંક ને ક્યાંક એજન્સી દ્વારા જે ગતિથી કામ થવું જોઈએ તે કરવામાં આવતું ન હોવાનું પણ હાલ તજજ્ઞ જણાવી રહ્યા છે.

આ વાતને ધ્યાને લઈ આ બ્રિજના એક્ઝિક્યુટિવ ઈજનેરે માહિતી આપતા જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટ વર્ષ ૨૦૧૬-૧૭ માં થયી હતી તેને ધ્યાને લઈ કુવાડવા ગામનો બ્રિજ રિટઈનિંગ વોલવાળો બનાવવાનો હતો . પરંતુ સ્થાનિક રહેવાસીઓ અને સ્થાનિક વ્યાપારીઓ દ્વારા આ અંગે વિરોધ વચ્ચે હજુ કામ ખોરંભે પડ્યું છે. મળતી માહિતી મુજબ ત્યાંના એટલે કે કુવાડવા ગામના સ્થાનિકોએ જણાવ્યું હતું કે જે બ્રિજ બનાવવામાં આવ્યો છે તેના કારણે તેઓએ તેમના ગામમાં અથવા તો તેમને ધંધા રોજગાર પાસે જવું હોય તો સમગ્ર બ્રિજ ને ફરવો પડે છે માટે ડિઝાઇન એવી બનાવવામાં આવે કે બ્રિજમાં સ્પાન અપાય જેથી લોકોને જે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય તે ન કરવો પડે પરંતુ જ્યારે બ્રિજ ની ડિઝાઇન ની વાત કરવામાં આવે તો એક બે સ્પાન કરવા હજુ શક્ય હતા પરંતુ વધુ સ્પાનની માંગણીના કારણે અને જે સ્થાનિક વિરોધ ઊભો થયો તેને ધ્યાને લઈ હવે આ કામ અટવાયેલું પડ્યું છે.

બીજી તરફ રોડ એન બિલ્ડીંગ નેશનલ હાઇવ દ્વારા રિ ટેન્ડર કરવામાં આવ્યું અને તેમાં ઓનની રકમ ખૂબ વધુ આવતા આ ટેન્ડર ને નાણા વિભાગમાં મોકલવામાં આવ્યું છે ત્યારે આ ટેન્ડર માટે શું સરકાર મંજૂરી આપે છે કે કેમ કે ફરી વખત કરવાનું કહે છે તે જોવાનું રહ્યું અને આ કામગીરી ગત સપ્તાહમાં જ હાથ ધરવામાં આવેલી છે. એક્ઝિક્યુટિવ ઈજનેરે જણાવ્યું હતું કે આ અંગે હાલ મંત્રણા ચાલી રહી છે. અને ભવિષ્યમાં આ અંગે જો મંજૂરી મળશી તો વાયડકટ બ્રિજ ઉભી થશે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થતિને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૬-૧૭ માં જે કોન્ટ્રાક્ટ થયો હતો તેમાં રીટેઈનિંગ વોલ બનાવવા માટે મંજુરી મળી હતી.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે કુવાડવા વિસ્તાર હાલ વિકસિત હોવાથી ત્યાં ૧૮ સ્પાનનો બ્રિજ બનાવવામાં આવનાર હતો પરંતુ હાલ લોકો દ્વારા જે બ્રિજ બનાવવા માટેની માંગણી કરવામાં આવી રહી છે તેનાથી તેના ખર્ચમાં પણ વધારો થશે. વધુમાં તેઓએ ઉમેર્યું હતું કે વિભાગ દ્વારા એટલે કે નેશનલ હાઈવે દ્વારા એકવાર નહી અને કોઈ વખત ગામના લોકોને આ અંગે મનાવવામાં આવ્યા હતા પરંતુ કોઈને કોઈ કારણસર તેઓ વાયડક્ટ બ્રિજ બનાવવા માટેનું જ કહી રહ્યા છે જે હાલના તબક્કે કામ પૂર્ણ કરવું ખૂબ અઘરું છે અને અશકય છે. પરંતુ જે રીતે પુલનું કામ બાકી છે તેને લઈને હાલ એકવાર મંત્રણા શરૂ કરવામાં આવી છે કારણ કે ૮૦૦ મીટરનો આ બ્રિજ બનાવવા માટે જો હવે નવી ડિઝાઈન બનાવવામાં આવે તો તેનો ખર્ચ પણ વધી જાય એટલું જ નહીં હાલ કુવાડવા ગામના બ્રિજ માટે પીલર પણ બનાવી દેવામાં આવ્યા છે.

ઈજનેરના જણાવ્યા અનુસાર આ અંગે એક વખત નહીં અનેક વખત સ્થાનિકો સાથે મંત્રના કરવામાં આવી હતી પરંતુ અંતે તેમની વાતને ગ્રાહ્ય રાખી રિટેન્ડર કરવાનું નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંગે આવનારા દિવસોમાં સરકાર શું નિર્ણય કરે છે તે જોવાનું રહ્યું અને ત્યારબાદ જ સાચી હકીકત ખ્યાલ પડશે.

નેશનલ હાઈવે ઓથોરિટીના ઈજનેરે જણાવ્યું હતું કે કુવાડવા ગામનો બ્રીજ પહેલા જે ડિઝાઇનમાં બનાવવાનો હતો તેમાં સ્થાનિક લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને તેઓએ માંગણી કરી કે હાલ જે ડિઝાઇન બનાવવામાં આવી તેને બદલી નાખવામાં આવે અને જે બ્રિજ બનાવવામાં આવે છે તે વાયડક્ટ બનાવાય. બીજી તરફ અધિકારીના જણાવ્યા અનુસાર કુવાડવા ગામ માં અનેકવિધ વ્યાપારીઓ દ્વારા રોડ ટચ વ્યાપાર કરવામાં આવી રહ્યો છે તેઓને કોઈ અગવડતા ન પડે તે માટે હાલ સર્વિસ રોડ ચાલુ કરાયો છે.

### સમય જતો ગયો અને એજન્સીએ કામ કરવાનું પણ છોડ્યું

**વરાહ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આ બ્રિજ બનાવવાનું કામ મળ્યું હતું પરંતુ ભારે વિવાદના કારણે જે ગતિથી કામ થવું જોઈએ તે થઈ શક્યું નહીં અને વિવિધ વિરોધ વંટોળ થતાં એજન્સી એ પણ કામ કરવાનું મૂકી દીધું જેના પરિણામ સ્વરૂપે હવે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ફરી એક વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી અને ટેન્ડર ની રકમ વધુ આવતા આ નિર્ણય નાણામંત્રાલય દ્વારા લેવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે કારણ કે આ અંગેનો રિપોર્ટ હાલ નાના વિભાગને સોંપી દેવામાં આવ્યો છે.**

# ગુજરાતમાં ઘૂસણખોરી કરનાર ૫૦ બાંગ્લાદેશીઓ પકડાયા

## ૧૬ ને મોકલાયા પરત : બોગસ ભારતીય દસ્તાવેજો થકી રાજ્યમાં કરતા'તા વસવાટ , નેટવર્ક નો થઈ શકે છે પર્દાફાશ



અમદાવાદ, તા. ૧૨

સમગ્ર વિશ્વમાં ઘૂસણખોરીના કિસ્સાઓ દિન પ્રતિ દિન વધી રહ્યા છે તેમાં પણ જગત જમાદાર અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ દ્વારા જવાબદારી સંભાળિયાના બીજા જ દિવસથી અમેરિકામાં રહેતા ગેરકાયદે ભારતીયોને માદરે વતન ડિપોર્ટ કરવામાં આવ્યા. એટલું જ નહીં ગઈકાલે અમદાવાદમાં પણ ૫૦ બાંગ્લાદેશીઓ કે જે દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા તેમને પકડી પાડવામાં આવ્યા છે અને તેમાંથી ૧૬ને બાંગ્લાદેશ મોકલી દેવાયા છે.

ગુજરાત સરકારે પણ ગેરકાયદે ઘૂસણખોરી કરેલા લોકોને પકડવા માટે એક ઓપરેશન શરૂ કર્યું છે અને આ ઓપરેશનના ભાગરૂપે જ ગઈકાલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદે ભારતમાં રહેતા ૫૦ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી છે. હાલ છે વિગતો સામે આવી છે તેમાં બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા તેમાં એક સગીર પણ છે.

ગેરકાયદે ઘૂસેલા બાંગ્લાદેશીઓએ બોગસ ભારતીય દસ્તાવેજો પણ બનાવ્યા ત્યારે હવે સૌથી મોટું કાર્ય એ જ છે કે આ દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં કયા લોકોને સંડવણી છે કારણ કે એવું તો શક્ય ન બને કે એલફેલ વ્યક્તિ ભારતીય નાગરિત્વ અથવા તો ભારતના દસ્તાવેજો બનાવી આપે આમાં સરકારી કર્મચારીઓની પણ સંડોવણી હોય તો નવાઈ નહીં તેવું તજજ્ઞો માની રહ્યા છે.

હાલ ગુજરાત સરકાર દ્વારા આ અંગે ગંભીરતા પૂર્વક વિચાર કરવામાં આવી રહ્યો છે અને તે મુજબની જ કામગીરી હાથ ધરાઈ રહી છે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશને વધુ તીવ્ર વેગથી આગળ ધપાવવામાં આવશે અને સર ચોપરેશન હાથ ધરાશે કે ગેરકાયદે ઘૂસણખોરી કરતા હજુ કેટલા લોકો ગુજરાતમાં વસવાટ કરી રહ્યા છે.

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારા ૫૦ લોકોની ધરપકડ કરી હતી. જેમાંથી અનેક લોકો દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. મળતી માહિતી અનુસાર તેમાંથી ૧૬ જેટલાને સફળતાપૂર્વક બાંગ્લાદેશ મોકલી દેવામાં આવ્યા છે.

જેમાં એક સગીર સામેલ છે. ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારાઓને પકડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા બાંગ્લાદેશીઓ પણ પકડાયા હતા.

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે આ લોકોને નકલી ભારતીય દસ્તાવેજો સાથે પકડી પાડ્યા હતા. આ લોકો પર સગીરાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાનો પણ આરોપ હતો. જોકે હવે બાકીના અન્ય ગેરકાયદે ઘૂણસખોરોને પણ તેમના દેશને સોંપી દેવાની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

પકડાયેલા ૫૦માંથી લગભગ તમામ લોકો બાંગ્લાદેશી હોઈ શકે છે. જેમાં મોટાભાગના લોકો ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાનો ખુલાસો થયો છે.

સમગ્ર મુદ્દે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી જાણકારી આપવામાં આવી છે. હર્ષ સંઘવીએ ડ પર પોસ્ટ શેર કરતાં લખ્યું કે, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રાષ્ટ્ર વિરોધી ગતિવિધિ કરનારાને ઝડપી લેવામાં આવ્યા છે.

### ક્યા ક્યા કામોમાં ઘૂસણખોરોની હતી સંડવણી

**- વેશ્યાવૃત્તિ માટે સગીર છોકરીઓની હેરફેર કરનારા લોકોની ઓળખ કરીને ધરપકડ કરવામાં આવી હતી**

**- ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ માટે નકલી ભારતીય દસ્તાવેજો બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો હતો**

**- સર્ચ ઓપરેશન દરમિયાન ૫૦ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી હતી.**

**- ૧૫ ઈમિગ્રન્ટ્સ અને ૧ સગીર બાળકને સફળતાપૂર્વક દેશનિકાલ કરવામાં આવ્યો**

**- બાકીના ઈમિગ્રન્ટ્સના દેશનિકાલ માટેની કાનૂની પ્રક્રિયા ચાલુ છે.**

# આજે નગરપાલિકા - તાલુકા પંચાયતની ચૂંટણીના પડઘમો થશે શાંત

## મતદાનને લઈને વિવિધ બેઠકો પર નિરસતા : પ્રચાર પ્રસારમાં પણ શાંત વાતાવરણ

રાજકોટ, તા. ૧૨

રાજ્યની ૨૧૭૮ બેઠક પર ૫૦૮૫ ઉમેદવારો નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં મેદાનમાં ઉતર્યા છે. સૌરાષ્ટ્રની વાત કરવામાં આવે તો કુલ ૬૪૨ બેઠક પર ૧,૬૬૯ ઉમેદવારો ચૂંટણી લડશે. જેમાં મહત્વની છે કે સૌરાષ્ટ્રમાં જસદણ, જેતપુર, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા નગરપાલિકામાં ચૂંટણી યોજાશે. અન્ય બેઠકો પર તાલુકા પંચાયતની પણ ચૂંટણી યોજવાની છે. મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૮માં જ્યારે ચૂંટણી યોજાઈ ત્યારે સૌરાષ્ટ્રમાં નગરપાલિકા વિસ્તારમાં મતદારોની સંખ્યા ૬,૬૫,૨૩૭હતી છે અત્યારે ૭,૨૫,૨૮૬ છે ત્યારે મતદારોમાં પણ આશરે ૬૦,૦૦૦ થી વધુનો વધારો નોંધાયો છે. હવે એક જ દિવસ ચૂંટણી પ્રચાર માટે બાકી રહ્યો છે ત્યારબાદ પ્રચાર પ્રસાર ના પડઘમ શાંત થઈ જશે.

તજજ્ઞોના જણાવ્યા અનુસાર હાલ જે ઉત્સાહ અને ઉમંગ નગરપાલિકા હોવો જોઈએ તે જોવા મળતો નથી અને ઘણું તા ધોળું જોવા મળે છે ત્યારે બંને પક્ષોએ પોતાના સારા કાર્યકરોને પણ પ્રચારમાં મોકલ્યા છે જેથી ચૂંટણીને લઈને થોડી ગરમા ગરમી જોવા મળે અને તીવ્રતા સામે આવ્યા પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અત્યારે જે ચૂંટણીનો માહોલ બંધાવો જોઈએ તે હજુ સુધી બંધાયો નથી તેની પાછળ એક નહીં અનેક કારણભૂત છે. જો આ સ્થિતિ યથાવત રહી તો તેની સીધી જ અસર નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી પર મતદાનના દિવસે જોવા મળશે ત્યારે ભાજપ હોય કે પછી કોંગ્રેસ બંને પક્ષો હાલ પોતાના જે કાર્યકરો છે તેને નિર્ધારિત બેઠકો પર મોકલી પ્રચાર પ્રસાર કરવા માટે જણાવ્યું છે અને હવે પ્રચાર પ્રસાર માટે માત્ર એક જ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે જોવાનું એ રહ્યું કે મતદાનના દિવસે કેવો માહોલ જોવા મળે છે.

ચૂંટણી પૂર્વેજ જુનાગઢ મહાનગરપાલિકાની આઠ બેઠકો ભાજપની તરફેણમાં બિનહરીફ થઈ ગઈ છે ઉપરાંત ચાર નગરપાલિકામાં પણ ભાજપ એ ચૂંટણી પહેલા જ બહુમત મેળવી લીધી છે ત્યારે હવે બાકીની બેઠકો માટે તારીખ ૧૬ ના રોજ ચૂંટણી યોજાશે. તજજ્ઞોના જણાવ્યા અનુસાર જુનાગઢ બાદ કુતિયાણા, તથા જેતપુર બેઠક ને ધ્યાને લઈ હાલ ચૂંટણીમાં હોલ અત્યંત રસપ્રદ બન્યો છે ત્યારે જુનાગઢમાં ભાજપે ગિરીશ કોટેજાને ટિકિટ આપવાના બદલે તેના પુત્ર પાર્થને મેદાનમાં ઉતાર્યો છે. કુતિયાણા નગરપાલિકા ની જો વાત કરવામાં આવે તો છેલ્લા ૨૫ વર્ષથી ઢેલીબેન ઓડેદરા નું સામ્રાજ્ય છે અને તેના પરિવારમાં ચાર સભ્યોને આ વખતે ભાજપે ટિકિટ આપી છે. મળતી માહિતી મુજબ ઢેલીબેનના પુત્ર તેમના બહેન અને તેમના પુત્રવધુને ભાજપે ટિકિટ આપી છે તો સામે ધારાસભ્ય કાંધલ જાડેજા ના ભાઈએ પણ રાજકારણમાં પોતાનો પગ મૂક્યો છે જેથી કુતિયાણા બેઠક પણ હાલ અત્યંત ચર્ચાનો વિષય બની છે.

જેતપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સુરેશ સખરેલીયા ને ભાજપે મેન્ડેડ આપ્યું નથી ત્યારે આ બેઠક પર ફાળવણીને લઈને પણ ક્યાંક ને ક્યાંક અસંતોષ જોવા મળી રહ્યો છે ત્યારે હવે શું પરિણામ આવશે તે જોવાનું રહ્યું તો બીજી તરફ ભાયાવદરમાં પણ વ્યાપક પ્રમાણમાં અસંતોષ જોવા મળ્યો હતો કારણ કે ભાજપની સ્થિતિ હવે શું થાય તે મત ગણતરીના દિવસે જ ખ્યાલ આવશે. જામજોધપુરમાં પણ ભાજપના ટોચના નેતાને ટિકિટ ન મળતા તે ઉમેદવારે આમ આદમી પાર્ટીમાંથી ફોર્મ ભર્યું છે તો નગરપાલિકાની ઘણી ખરી એવી બેઠકો છે કે જેના પર ચૂંટણી જંગ એમ પણ જામી ગયો છે.